Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 27, Issue No. 08 10th May, 2023 Annual Subscription Rs. 50=00
વર્ષ : ૨૭, અંક : ૦૮ ૧૦મી મે, ૨૦૨૩ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



જુઓ અજમાવી આ જીવને પ્રયોગેથી કરી કરીને,
જતાં નિષ્ફળ પછી લાગો, અમો પર થૂંકજો પ્રેમે.

▪▪▪▪▪

'બધું 'મોટા' કરી દેશે' હૃદય જો માન્યતા તે છે,
મતિ, મન, પ્રાણ, અહં, ચિત્‌ને પરોવી દો જ 'મોટા'ને.

- શ્રીમોટા

'જીવન ઝલક', પ્ર. આ., પૃ. ૧૦૮,૧૦૯



સામાન્ય જીવોથી સાવ મૌનપણે રહેવાય નહિ,
ને રહે તો કલ્પના મટે નહિ,
એટલે પછી લખીને કલ્પના બહાર કાઢે.
પરમાર્થ કામમાં બોલવું, વ્યવહાર કામમાં પ્રયોજન
વગર લવરી કરવી નહિ.
જ્યાં કડાકૂટ થતી હોય ત્યાંથી દૂર રહેવું.
વૃત્તિ ઓછી કરવી, આંતર વિચાર કરી જેમ બને
તેમ પોતે સ્થિર રહેવું.

*'શ્રીમદ્‌રાજચંદ્ર-૩', પૃ. ૭૨૩* - શ્રીમદ્‌રાજચંદ્ર

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૭ અંક : ૮ મે, ૨૦૨૩

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : અંબિકા હરેશ પંડ્યા

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

ટાઈટલ : મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩

## અનુક્રમ

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ................................ શ્રીમોટા | ૪ |
| ૨. | મનની શાંતિ માટેનું ઈંજેક્શન ............... શ્રીમોટા | ૫ |
| ૩. | સંસારમાં અમૃત અને ઝેર બંને મળવાનાં ! .. શ્રીમોટા | ૬ |
| ૪. | તૈલંગસ્વામી અને ભાસ્કરાનંદ વિશે . સ્વામી સદાશિવ | ૭ |
| ૫. | માતૃશક્તિ-માતૃભાવના .................... શ્રીમોટા | ૮ |
| ૬. | સહુ કહે છે કે અમારા ધર્મથી મોક્ષ છે ............. .............................. શ્રીમદ્ રાજચંદ્ર | ૯ |
| ૭. | વિશેષ અભ્યાસની શીખ .......... કાર્તિકેય અ. ભટ્ટ | ૧૦ |
| ૮. | રામનવમી ઉત્સવનો અહેવાલ .................... ............... ટ્રસ્ટીમંડળ, હરિઃૐ આશ્રમ, સુરત | ૧૧ |
| ૯. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે : ૭ 'બોલેલું પાળવાવાળો હરિ જેવો બીજો નથી'.. મયૂર જે. જાની | ૧૫ |
| ૧૦. | આપણું મધ્યબિંદુ .......................... શ્રીમોટા | ૧૮ |
| ૧૧. | હજી ચમત્કારનો જમાનો ચાલી ગયો નથી ... શ્રીમોટા | ૧૯ |
| ૧૨. | મન કે ચિત્ત સ્થિર થવું એ સત્કર્મનું અંતિમ ફળ છે ....................... શ્રીઉપાસની બાબા | ૨૨ |
| ૧૩. | સદ્વિચાર અને તેનું પરિણામ .... સ્વામી કૃપાલ્વાનંદ | ૨૪ |

### જ્ઞાનદાન

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન પરિવાર એવા અમદાવાદ નિવાસી સ્વ. શ્રી જયંતીલાલ ડાહ્યાભાઈ પટેલના પુત્ર શ્રી બિરેનભાઈ દ્વારા પારિવારિક ટ્રસ્ટ 'શ્રી જયંતીલાલ ડાહ્યાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ' તરફથી હરિભાવના અંક તેમ જ અન્ય પ્રકાશનકામગીરી માટે રૂ. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પૂરાનું દાન આપવામાં આવ્યું છે. હરિવાણી ટ્રસ્ટ અને ટ્રસ્ટીમંડળ તેઓશ્રીના પરિવારનો આ ઉમદા અને સરાહનીય કાર્ય માટે અંતઃકરણપૂર્વક આભાર માને છે. તેઓશ્રીના પરિવાર તરફથી વખતોવખત હરિવાણી ટ્રસ્ટને સહયોગ અપાતો જ રહ્યો છે અને પૂજ્ય શ્રીમોટાના ઉત્સવોના યજમાન પણ બનવાનું સૌભાગ્ય તે પરિવારે પ્રાપ્ત કરેલું છે.** **- સંપાદક**

# (૧) પદ્યપ્રસાદી

શ્રીમોટા

(૧) હરિઃૐ

અમારામાં પૂરેપૂરું તમારું દિલ પરોવીને,
અખંડ દિલમાં તેવો પ્રકટવા ભાવ દો જીવને.

તમારો ભાવ પ્રિછાતાં અનુભવમાં હૃદય અમને,
કદી પાછા નહિ પડીએ, *અમે બંધાયેલા વચને !*

તમારે જોર તો કશુંયે ન દાખવવું હૃદયનું છે,
પછીથી બૂમબરાડા તે શું ખાલી પાડવાના છે ?

તમારી જાતને ઊંડી પૂરેપૂરી તપાસી લ્યો,
કવાણું નિજમાં શું તે તમે નાણી, ચકાસી લો.

(૨)

જીવનચીલા પડેલાથી તમારે જો ન ચસવું છે,
જીવનવિકાસની વાતો નિરર્થક વ્યર્થ કરવી તે.

જીવનની આળપંપાળ વિશે દિલને લગાડ્યું છે,
તમારા દિલમાં એવું બીજું વળગેલું કૈં કૈં છે !

તમારે એવી દુનિયામાં સદા જીવવાનું કરવું છે,
પછી વાતો પ્રભુની તે શું ખાલી ખાલી કરવી છે ?

તમારે ચેતવું જો ના, અમારે શી રીતે તમને-
-હૃદય ચેતાવવાં ? અમને જણાવી દો કૃપા કરીને.

'જીવનઝલક', પ્ર. આ., પૃ. ૧૧૦,૧૧૨ ❑

દોહરા

**જેઠ** તાપ ઘણો કઠે, હૈયું લખલખ થાય;
ઉરનો તાપ પીડે વળી રંકે સહ્યું ન જાય.

**જેઠ** હૈયાનું હાર્દ તો સમજી દો દુઃખ રંક;
દાસી વધુ શું કહું ? ઘટે તમને ન કંથ !
હૈડે મારે દુઃખ જે વસ્યું, સઘળુ કહ્યું ન જાય;
વાણીએ કયમ કરી વર્ણવું ? દુઃખ ઉદધિ છલકાય.

ગમ પડે કાંઈ નવ હૃદે ઉરે મૂંઝવણ થાય;
ક્યાં રે ! જઈ જાણે હું વસું ? હૈડું શીતળ થાય.
'જગતનો છેડો ઘર' હરિ ! જાણી આવી છું ઘેર;
ઘેર આવી ત્યારે પીડતો કાઢવું જૂનું શું વેર.

રંકે ઊલટથી પ્રીત કરી; નવ આણે શું હેત ?
પેસી જઈ કળથી કરી ખોસે પાળી શું પેટ ?
અખંડ જાપ જપે હરિ ! નાવે સુખની લ્હાણ;
સન્મુખ ઝૂમે જો ઉરે તો તો પામું ઉર-લ્હાણ.

ફાલી, ફુલી પણ નવ ફળી એવી ઉર મ્હોંકાણ;
કથની વીતકની શું કથું ? હવે ઉર દયા આણ.
નાકલીટી તાણી, ઉરથી, વીનવું પ્રેમે રંક;
હૈડે ચાંપી વ્હાલથી દેજો સુખ અનંત.

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર. આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે. ❑

## નોંધ

- જે સ્વજનો ઇ-બૅંકિંગ દ્વારા રકમ હરિવાણી ટ્રસ્ટ - હરિભાવને મોકલે છે તેમાંથી કેટલાક નામ-સરનામું, પાન નંબર જણાવતા નથી. તેથી ઇન્કમટેક્ષ ખાતામાં જરૂરી વિગતો ન આપી શકવાથી મોટો ટેક્ષ કપાય છે. માટે આ બાબત ધ્યાને લેવા વિનંતી છે.
- મે-૨૦૨૩ના હરિભાવ પછીથી ઘણાં સ્વજનોનાં લવાજમ પૂરાં થાય છે. જેઓને સળંગ બે-ત્રણ માસના અંક ન મળે તેઓ ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર પૂછપરછ કરી શકે છે.

# (૨) મનની શાંતિ માટેનું ઈંજેક્ષન

**શ્રીમોટા**

આ ચિન્મયાનંદજીએ અહીં સુરતમાં ગીતા જ્ઞાનયજ્ઞ રાખ્યો હતો ત્યારે મને પ્રમુખ બનાવ્યો હતો, ત્યારે મેં કહેલું કે આ ગીતા પારાયણ માટે નથી. સાધુ મહાત્મા પૂજા ને પારાયણો કરે પણ એકલા પારાયણથી કશું નહિ વળે. પારાયણથી મોક્ષ નહિ મળે. ગીતા તો અનુભવવા માટે અને પ્રત્યક્ષ આચરવા માટે છે. જેમ આપણે ઘર બાંધવું હોય તો આર્કિટેક્ટ ઘરનો નકશો તૈયાર કરે અને તે નકશા મુજબ બાંધીએ તો ઘર બને, તેમ ગીતા એ તો એક નકશો છે. એ પ્રત્યક્ષ આચરણમાં મૂક્યા વિના કાંઈ કશું થાય નહિ. તો કોઈ કહેશે કે, ‘હું તો રોજ પારાયણ કરું છું’ અરે લાખ પારાયણ કર પણ અમલમાં મૂક્યા વિના તારો કે તારા બાપનોય શુક્કરવાર વળવાનો નથી.

મારામાં શક્તિ હતી પણ ધ્યેય જુદા પ્રકારનું હતું. આપણને જ્યારે મુશ્કેલીઓ, કોયડાઓ, ગૂંચો, અથડામણો, સંઘર્ષો, અશાંતિ વગેરે જાગે ત્યારે ભગવાનનું આખોય વખત સ્મરણ થવું જોઈએ. જેમ માંદા પડીએ ત્યારે ઈંજેક્ષનની જરૂર પડે, તેમ **મનની શાંતિ મળે એ માટે ઈંજેક્ષન છે-ભગવાનનું સ્મરણ.** મહાત્મા ગાંધીનું જીવન જુઓ. છેવટ સુધી એમની માળા તો સાથે ને સાથે હતી.

ભગવાનના સ્મરણથી સંસારની વિટંબણાઓનો ભાર આપણને લાગતો નથી. આપણને જીવનમાં અન્યાય થાય, અથડામણ આવે, સંઘર્ષો આવે, દુઃખ તો પારાવાર આવે. તમે એમાં પણ ભગવાનનું સ્મરણ કરો, પ્રાર્થના કરો.

જ્યારે જ્યારે મન અશાંત થાય ત્યારે ભજન ગાવ, સત્સંગ કરો, સદ્‌સોબત કરો, સત્કર્મ કરો. સત્કર્મ કરવાથી પણ શાંતિ મળે. ભગવાનના સ્મરણથી, ભજન-કીર્તનથી, સદ્‌સોબતથી, સત્સંગથી, સદ્‌વાચનથી, સંસારમાં પણ શાંતિ મળશે.

નામસ્મરણ કરવા માટે પણ એક ભૂમિકા હોવી જોઈએ. અત્યારે આપણી ભૂમિકા કામ, ક્રોધાદિકવાળી છે. ત્યારે એવી ભૂમિકા સુધારવા માટે રાગદ્વેષ છોડવા જોઈએ, પણ એ છોડવા બહુ દુર્લભ છે. જ્યાં સુધી આપણા દોષ આપણને ડંખતા નથી, કે રાગદ્વેષ, કામ-ક્રોધ આદિ આપણા શત્રુ છે, એવું જીવતું ભાન જ્યાં સુધી આપણને જાગતું નથી, ત્યાં સુધી રાગદ્વેષને દૂર કરવાની પ્રવૃત્તિમાં આપણે રોકાઈ શકતા નથી, કારણ કે સ્વાર્થમાં જ આપણે રચ્યા પચ્યા છીએ. પણ એની સાથે સાથે પરમાર્થ પણ બહુ જરૂરી છે.

આપણા શાસ્ત્રકારોએ બહુ અનુભવથી કહ્યું છે કે તમે પરમાર્થ માટે પણ આપો. કંઈ નહિ તો એક દશાંશ પણ દાનમાં વાપરો. પણ આજે તો દાન પણ એક વહેવાર બની ગયો છે. ફલાણાએ આટલા આપ્યા એટલે હું પણ એટલા જ આપીશ. ત્યારે એમ નહિ પણ સમજીને આપવું જોઈએ.

આપણે આ સમાજમાં રહીએ છીએ એટલે સમાજ માટે પણ આપણે કરવું જોઈએ. ગરીબોને મદદ કરવી જોઈએ. નીચલા થરના લોકો પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઈએ. નહિ રાખી શકીએ તો એક સમય એવો આવશે કે બળવો પોકારશે. ફ્રાંસમાં ગરીબોને ખાવાના સાંસા હતા ત્યારે અમીર ઉમરાવોએ એમને ઘાસ ખાવાની સલાહ આપી હતી. બળવો થયો ત્યારે ગરીબોએ અમીરોનાં મોંમાં ઘાસના ડૂચા ભરી ભરીને તેઓને મારી નાખ્યા હતા.

‘સ્વજનોને સંબોધન’, પ્ર. આ., પૃ. ૫૪ ❑

# (૩) સંસારમાં અમૃત અને ઝેર બંને મળવાનાં ! 

શ્રીમોટા

ભગવાનનું નામ લેતાં બીજા વિચારો ખૂબ આવે છે અને વહેવાર કરતી વખતે બીજા વિચારો આવતા નથી તેનું કારણ એ છે કે વહેવાર કરતી વખતે બીજાને સારું લગાડવાની જરૂર હોય છે. માટે બીજા વિચારોને દાબી દઈએ છીએ. સંસારવહેવારમાં ગરજ લાગેલી છે, ભગવાનનું નામ લેવામાં ગરજ જાગશે એટલે પેલા બીજા વિચારોની અસર થશે નહિ.

આ જન્મમાં કંઈ એમ ને એમ કોઈ મળેલા નથી હોતા. કોઈ ને કોઈ જન્મમાં આપણે અથડાઈ ગયેલા છીએ.

હું કશું છોડવાનું કહેતો નથી. મળેલો ધર્મ તો ઉત્તમ રીતે બજાવવો જોઈએ. તેમ નથી કરતા ત્યારે અફસોસ થાય છે. ભગવાનના નામમાં તો અપૂર્વ શક્તિની જરૂર છે. એવા ખમીરનું દર્શન મને કોઈ પ્રવૃત્તિમાં થાય તો એમ લાગે કે આ જીવ કશુંક કરી શકશે. **જીવન-નિર્વાહની પ્રવૃત્તિ કરો તોપણ ઉત્તમ રીતે કરો. મળેલી પ્રવૃત્તિમાં પણ બેફામ રીતે વર્તો છો, એનું ભાન પણ જાગતું નથી.**

આ સંસારમાં શાંતિથી રહેવું હોય તો ખમીરથી જીવવાનું કરો. કોઈ બીજાના દોષ બતાવે એ મને ગમતું નથી. **સંસારમાં અમૃત અને ઝેર બંને મળવાનાં.** ઝેર પ્રેમથી પી જવાનું રાખો. ક્લેશ, અથડામણ, દુઃખ-એ બધાં ઝેર બધાંએ પીવાં તો પડે જ છે, તો પછી એ કામ પ્રેમથી અને ઉમળકાથી કરશો તો શક્તિ વધશે.

આ સંસારમાં ગુણશક્તિ કેળવવા આપણે આવ્યા છીએ. બીજા આમ કરે કે નહિ એ વાત છોડી દો, આપણે તો પ્રેમથી, ઉમળકાથી અને આનંદથી જીવવાનું કરીએ.

એકબીજા કાજે ઘસાવાનું બને છે. એમાં કોઈનો છૂટકો નથી પણ એમ બળેબળે કરવાથી કામ બગડે છે અને અકલ્યાણ થાય છે. માટે પ્રેમથી કરો તો શાંતિ વધશે અને જ્ઞાનતંતુઓ મજબૂત બનશે. આ સાથે ભગવાનનું નામ-સ્મરણ કરશો તો સમતા પ્રગટશે. અગવડ, ગૂંચ, મુશ્કેલી, કોયડાથી અલિપ્ત રહેવાની એક શક્તિ પેદા થશે. સંસારનાં અનેક કર્મમાંથી મુક્તિ મેળવવા આ ઉત્તમ ઉપાય છે.

ભગવાનનું નામ લેતાં કોઈ મશ્કરી કરે તો કરવા દો. જો ભગવાનનું નામ લેવામાં સાહસ કે હિંમત નથી તો બીજું શું કરવાનો ? **મસ્તીથી ભગવાનનું નામ લલકારો.** બીજા ભલે હસે. આ તો કરી જોવાનો પ્રયોગ છે. પ્રયોગ કર્યા વગર સમજાય નહિ.

કામ, ક્રોધ, લોભ, મોહ આદિ જીતવા એ યુદ્ધના યોદ્ધા કરતાંય પણ વિશેષ પરાક્રમીનું કામ છે. જેને જીવતીજાગતી તમન્ના પ્રગટે એ જ આ કરી શકે. ભગવાનનું નામ લેનારને બીજા સાથે કેમ વર્તવું એની સમજણ પ્રગટે છે. ભગવાનનું નામ લેનારે નમ્ર બનવું પડે. નમ્રતા વગર સંસારમાં ચાલતું નથી. નહિ તો આપણો જ સ્વાર્થ બગડે છે. આ પણ એક સાધના જ છે. માત્ર નાક દબાવીને કે આંખ મીંચીને બેસવું એ જ સાધના નથી.

'મૌનમંદિરનું હરિદ્વાર', ચોથી આ., પૃ. ૭૨ ❑

# (૪) તૈલંગસ્વામી અને ભાસ્કરાનંદ વિશે

**સ્વામી સદાશિવ**

Heart (હૃદયમાં) એક સેન્ટર છે, ત્યાં જ આત્મા છે. એને શરીરથી તૂટી ન જાય એ રીતે ધીમે ધીમે છૂટો પાડવાનો છે. આ કઠણ કામ છે. એ રીતે **એક નાનું સરખું પણ કર્મ બાકી રહી જાય તો આત્મા શરીરથી છૂટો ન પડે. કર્મમાં એટલી બધી શક્તિ છે.** એક કર્મ બાકી હોય તો આત્માને આ શરીરથી પૃથક્ થવા ન દે. દેવા વગરનો જે માણસ છે એ સદા સુખી થઈ જાય છે.

ગુરુમહારાજ લક્ષ્મણગીરીના અવસાન વખતે મહારાજનો ફોટો આવ્યો ન હતો. ફોટામાં આજુબાજુની વસ્તુઓ-દીવો બધું જ આવે, પણ મહારાજનો ફોટો આવ્યો ન હતો. ફોટોગ્રાફરને આ બાબતની ખબર નહિ. એને તો એમ જ કે એની પોતાની ક્યાંક ભૂલ હશે. એણે કોઈ ચાર્જ લીધો ન હતો.

ક્ષણમાત્રમાં અંતર્ધ્યાન અને ક્ષણમાત્રમાં આવિર્ભાવ થવાની સિદ્ધિ હોય છે. એ વ્યાપક આકાશ તત્ત્વ થઈ જાય તો આકાશ તત્ત્વને કંઈ attach ન થઈ શકે...તૈલંગસ્વામીમાં પણ આવું થયું હતું. એમનો ફોટો કૅમેરામાં આવ્યો જ નહિ. પછી પ્રાર્થના કરી, ત્યારે એમણે ફોટો લેવા દીધો.

કાશીમાં તે સમયે બે સિદ્ધો હતા, તૈલંગ સ્વામી અને ભાસ્કરાનંદ-દંડીસ્વામી. તૈલંગસ્વામી ગંગા નદીને કિનારે રહેતા હતા અને ભાસ્કરાનંદ કાશીનરેશના મકાનમાં રહેતા હતા. રામકૃષ્ણના વાર્તાલાપમાં આનો ઉલ્લેખ છે.

તૈલંગસ્વામી નગ્ન અવસ્થામાં રહેતા હતા. કોઈ ખાવા આપે તો ખાય નહિ તો પડ્યા રહે. કલાકો સુધી ગંગા નદીમાં ડૂબકી લગાવીને પડી રહે. તેઓ નગ્ન અવસ્થામાં વસ્તીમાં આવતા હોવાથી અંગ્રેજોએ વાંધો લીધો. તૈલંગ સ્વામીએ અંગ્રેજોના વાંધાને ગણકાર્યો નહિ એટલે એમને પકડીને જેલમાં પૂરવામાં આવ્યા. ત્યાંથી અણુ સ્વરૂપ ધારણ કરીને નીકળી ગયા. ત્રણ વખત આ પ્રમાણે બન્યું. પછી અંગ્રેજોએ એમને છોડી મૂક્યા. એમની સિદ્ધિ જોવા અને બદનામ કરવા અંગ્રેજોએ એમને જમવાનું આમંત્રણ આપ્યું અને શરત મૂકી કે અમો જે ખાઈએ છીએ તે તમને આપીશું. તૈલંગ- સ્વામીએ હા પાડતાં ભોજન સમયે માંસ પીરસવામાં આવ્યું, પણ માંસ ગુલાબનાં ફૂલ બની ગયાં જે તૈલંગસ્વામી ખાઈ ગયા.

ત્યારબાદ તૈલંગ સ્વામીએ કહ્યું કે હવે મારો વારો છે. જે હું ખાઉં છું એ તમો પણ ખાઓ. અંગ્રેજો કબૂલ થયા. તૈલંગસ્વામીએ પોતાની શક્તિથી વિષ્ટા ઉત્પન્ન કરીને પોતે ખાવા માંડી અને અંગ્રેજોને ખાવા માટે કહ્યું. ત્યારથી અંગ્રેજોએ રોકટોક બંધ કરી અને એમને મનસ્વી રીતે ફરવા દીધા.

ભાસ્કરાનંદ દંડીસ્વામી પણ આવા જ હતા. આફ્રિકાની લડાઈમાં જીત મેળવીને આવેલ એક અંગ્રેજ દંડીસ્વામી આગળ ડંફાસ મારવા લાગ્યો. દંડીસ્વામીએ એક પેન્સિલ મંગાવી, જમીન ઉપર મૂકી અને એને ઉપાડવા માટે અંગ્રેજને કહ્યું પણ એ પેન્સિલ ઉપાડી ન શક્યો. આવી સિદ્ધિઓ તેમની પાસે હતી. કાશી તો સંતોની નગરી છે. ત્યાં મહાન આત્માઓ થઈ ગયા અને થયા કરે છે.

'પ્રજ્ઞારસ માધુરી', પ્ર. આ., પૃ. ૨૨૪ ❑

# (૫) માતૃશક્તિ-માતૃભાવના

**શ્રીમોટા**

સ્ત્રીઓમાં સર્જનાત્મક શક્તિ છે. પુરુષ કરતાં સ્ત્રીમાં ત્યાગની શક્તિ, શ્રદ્ધા-વિશ્વાસ વધારે હોય છે. પુરુષ કરતાં સ્ત્રીમાં માત્ર મોહ વધારે હોય છે.

સ્ત્રીઓનું કામ એક રીતે બહુ વિવિધતાવાળું અને સૌંદર્યકળાયુક્ત હોય છે. સ્ત્રીઓનું કાર્ય એ હૃદયનું કાર્ય છે. **સ્ત્રીનું જીવન પુરુષના જીવન કરતાં ચઢિયાતું હોય છે.** તે પુરુષના જીવનની અધિષ્ઠાત્રી છે. સકળ જીવનને જન્મ આપનાર અને તેને રચનાર સ્ત્રી છે. સ્ત્રીઓ પરત્વેનું પુરુષનું મન પણ સ્વચ્છંદી બનેલું છે એટલે આજે સમાજની અધોગતિ છે.

જે સર્જન કરે છે તે જગતમાં સર્વશ્રેષ્ઠ ગણાયું છે. તેવી સર્જનશક્તિ માતાઓમાં, બહેનોમાં રહેલી છે. જે સર્જન કરે છે એણે તો સર્વ પ્રકારે શુદ્ધ રહેવું જ ઘટે. એટલે સ્ત્રીજીવનનું મહત્ત્વ અને એનું રહસ્ય ખૂબ જ ગહન છે.

સ્ત્રીમાં કુદરતે એવી શક્તિ માતા તરીકે મૂકી છે કે જેથી કરીને આ વિશ્વની પરંપરા જીવતી રહી શકી છે. વિશ્વાસ, શ્રદ્ધા, સર્વ-સમર્પણની શક્તિ, સહનશીલતા, ધીરજ વગેરે ગુણો સ્ત્રીઓમાં હોય છે. ધર્મની ભાવના જો જીવતી રાખી હોય તો તે સ્ત્રીઓએ જ રાખી છે અને તેથી તો આપણને ભગવાન માના પેટમાંથી જન્માવે છે-એવી રચના એણે કરેલી છે.

પ્રેમનું જગતમાં જીવતુંજાગતું ઉત્કૃષ્ટ દર્શન માના હૃદયમાં ભગવાને મૂકેલું છે. એટલે જ મા જગતજનની, કલ્યાણમયી અને પતિતપાવની રહી છે અને રહેવાની છે. મા ભયંકર કાલી સ્વરૂપ હોવા છતાં એનો ડર લાગતો નથી. મા મારે છે છતાં પણ બાળક વળી વળીને ફરી પાછો એના જ ખોળામાં માથું મૂકવા જાય છે અને મા એને માથે પ્રેમભર્યો હાથ ફેરવે છે.

બાળક એ માતાનો વારસો છે. માની એક જ ભાવના બાળકમાં જબરજસ્ત પ્રેરણા મૂકે છે. માનું દૂધ એ માત્ર સ્થૂળ દૂધ નથી, પણ ચેતનાનું અમૃત છે અને પ્રાણની સ્ફૂર્તિ છે. એને કામદુગ્ધા કહીએ તો અતિશયોક્તિ નથી. આ કંઈ કવિની કલ્પના નથી પરંતુ જગતે જાણેલી-અનુભવેલી હકીકત છે.

જ્યાં સુધી આપણને આપણી જનેતા પ્રત્યે ખૂબ ખૂબ પ્રેમભાવ અને પૂજ્યભાવ હૃદયમાં પ્રગટેલો નહિ હોય ત્યાં સુધી એ ભાવનાને આપણે વિસ્તૃત કરી શકીશું નહિ. આપણી માતાના મત સાથે કે વિચારો સાથે ભલે મળતા ન થઈએ, પરંતુ તેની સાથેનો ભાવ ઘણો જ ઉત્કટ હોવો જોઈશે. એટલું જ નહિ એ ભાવ પત્ની પ્રત્યે પણ થવો જોઈશે. જ્યાં સુધી આપણી પત્નીમાં માના અંશનો ને તેના કોમળપણાનો અને તેની સ્નેહાર્દ્રતાભરી સંભાળનો પૂરો પરિચય આપણને નહિ થાય ત્યાં સુધી આપણામાં એ ભાવ જાગી શકવાનો નથી. સ્ત્રીમાત્રમાં માતૃત્વ સહજપણે રહેલું જ છે. એટલે એ માતૃત્વની ભાવનાને લક્ષમાં રાખીને આપણે એની પ્રત્યે વર્તીશું તો આપણો પણ વિકાસ થશે અને બીજાનો પણ થશે.

આપણા આદ્ય ઋષિમુનિઓએ આ બધું સમજાવેલું છે. તેથી તો સર્વપ્રથમ 'માતૃદેવો ભવ' જેવી પ્રાર્થના પરંપરાગત સંસ્કારરૂપે આપણામાં ઊતરી આવી છે.

'નારીજીવન-ધન્યજીવન', પૃ. ૨૯,

સંકલન-સુશીલાબહેન અમીન ❑

સત્સમાગમમાં જીવ આવ્યો અને ઇંદ્રિયોનું લુબ્ધપણું ન જાય તો સત્સમાગમમાં આવ્યો નથી એમ સમજવું. સત્ય બોલે નહિ ત્યાં સુધી ગુણ પ્રગટે નહિ. જ્ઞાની પુરુષ પરમાર્થનો જ ઉપદેશ આપે છે.

**બાહ્યવ્રત અંતરવ્રતને અર્થે છે.** જેવી રીતે એકડો શીખવા માટે લીટોડા છે તેમ. પ્રથમ તો લીટોડા કરતાં એકડો વાંકોચૂકો થાય, અને એમ કરતાં કરતાં પછી એકડો બરાબર થાય.

જીવે જે જે સાંભળ્યું છે તે તે અવળું જ ગ્રહણ કર્યું છે. જ્ઞાની બિચારા શું કરે ? કેટલુંક સમજાવે ? સમજાવવાની રીતે સમજાવે. મારી-કૂટીને સમજાવે, આત્મજ્ઞાન થાય નહિ. આગળ જે જે વ્રત આદિ કર્યાં તે તે અફળ ગયાં, માટે હવે સત્પુરુષની દૃષ્ટિએ તેનો પરમાર્થ જુદો જ સમજાશે. સમજીને કરો. એક ને એક વ્રત હોય પણ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ બંધ છે, પૂર્વે જે વ્રતાદિ નિષ્ફળ ગયાં છે તે હવે સફળ થવા યોગ સત્પુરુષનો જોગ થયો છે, માટે પુરુષાર્થ કરવો, સદાચરણ ટેક સહિત સેવવાં. મરણ આવ્યે પણ પાછા હઠવું નહિ. આરંભ પરિગ્રહથી. જ્ઞાનીનાં વચનો શ્રવણ થતાં નથી, મનન થતાં નથી, નહિ તો દશા બદલાયા વિના કેમ રહે ? જ્ઞાનીઓએ કહ્યું છે તેનાથી જીવ અવળો ચાલે છે. એટલે સત્પુરુષની વાણી ક્યાંથી પરિણામ પામે ?

**તૃષ્ણાવાળો નર નિત્ય ભિખારી, સંતોષવાળો જીવ સદા સુખી.** સાચા દેવનું, સાચા ગુરુનું, સાચા ધર્મનું ઓળખાણ થવું બહુ મુશ્કેલ છે. સાચા ગુરુનું ઓળખાણ થાય, તેનો ઉપદેશ હોય તો દેવ, ધર્મ એ બધાનું ઓળખાણ થાય. બધાંનું સ્વરૂપ સદ્‌ગુરુમાં સમાય.

જેની ગ્રંથિ ગઈ છે તેવા પુરુષ મળે તો ખરેખરું કામ થાય. તેમાં વળી તેના સમાગમમાં રહે તો વિશેષ કલ્યાણ થાય. જે મૂળ ગાંઠ છેદવાનું શાસ્ત્રમાં કહ્યું છે તે સહુ ભૂલી ગયા છે ને બહારથી તપશ્ચર્યા કરે છે. દુઃખ સહન કરવા છતાં મુક્તિ થતી નથી તો દુઃખ વેઠવાનું કારણ જે વૈરાગ્ય તે ભૂલી ગયા. દુઃખ અજ્ઞાનનું છે. અંદરથી છૂટે ત્યારે બહારથી છૂટે. અંદરથી છૂટ્યા વગર બહારથી છૂટે નહિ. એકલું બહારથી છોડે તેમાં કામ થાય નહિ. આત્મ-સાધન વગર કલ્યાણ થતું નથી.

બાહ્ય અને અંતર બંને સાધન જેને છે તે ઉત્કૃષ્ટ પુરુષ છે. તે શ્રેષ્ઠ છે. જે સાધુના સંગથી અંતર્ગુણ પ્રગટે તેનો સંગ કરવો. કલાઈનો અને ચાંદીનો રૂપિયો સરખો કહેવાય નહિ કલાઈ ઉપર સિક્કો પાડો, પણ તેની રૂપિયાની કિંમત થાય નહિ. જ્યારે ચાંદી છે તેના ઉપર સિક્કો ન પાડો તોપણ તેની કિંમત જાય નહિ. **સહુ કહે છે કે અમારા ધર્મથી મોક્ષ છે.**

આત્મામાં રાગદ્વેષ ગયે જ્ઞાન પ્રગટે. ગમે ત્યાં બેઠાં, ને ગમે તે સ્થિતિમાં મોક્ષ થાય, પણ રાગદ્વેષ જાય તો જ. મિથ્યાત્વ ને અહંકાર ગયા વગર રાજપાટ છોડે, ઝાડની માફક સુકાઈ જાય, પણ મોક્ષ થાય નહિ. આટલા માટે સમ્યક્‌દર્શન શ્રેષ્ઠ છે.

સંસારમાં મોહ છે, સ્ત્રીપુરુષમાં મારાપણું થઈ ગયું છે ને કષાયનો ભરેલો છે, તે રાત્રિભોજન ન કરે તોપણ શું થયું ? વેશ કલ્યાણ કરતો નથી. જે સાધુ એકલી બાહ્ય ક્રિયાઓ કર્યા કરે છે તેમાં જ્ઞાન નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર-૩', પૃ. ૭૨૭ ❑

## (૭) વિશેષ અભ્યાસની શીખ

કાર્તિકેય અ. ભટ્ટ

સુરત હરિઃૐ આશ્રમમાં એક યુવાન પૂ. શ્રીમોટાનાં દર્શન અને માર્ગદર્શન અર્થે આવે છે. શ્રીમોટાને પ્રણામ કરીને આસન ગ્રહણ કરે છે. સામાન્ય વાતચીત પછી શ્રીમોટાને પૂછે છે કે, 'મેં હમણાં જ બી.કૉમ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં 'સુવર્ણચંદ્રક' સાથે પસાર કરી છે.' હવે મારી ઇચ્છા પરદેશ જઈને આગળ વિશેષ યોગ્યતા અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરવાની છે. આપનાં આશીર્વાદ અને માર્ગદર્શન માટે આપની સંનિધિમાં આવ્યો છું. શ્રીમોટા થોડીક ક્ષણો રોકાઈને બોલ્યા, 'ભાઈ પરદેશ જવાને બદલે અહીં રહીને સી.એ.નો આગળ અભ્યાસ કર !' શ્રીમોટાની આજ્ઞાને માનીને એ યુવકે એ જ પ્રમાણે કર્યું. આજે સિત્તેર વર્ષની વયે શાંત, ભક્તિપૂર્ણ વાતાવરણમાં, સુખી જીવન વિતાવી રહ્યો છે. બીજા એક પ્રસંગે બીજો એક યુવાન બી.કૉમ.ની ઉપાધિ પ્રાપ્ત કરીને શ્રીમોટા પાસે જાય છે. અહીં દેશમાં રહીને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે તથા આ માટે શ્રીમોટાના માર્ગદર્શન માટે પ્રાર્થે છે. ત્યારે શ્રીમોટાએ તેને કહ્યું, 'ભઈલા ! અહીં કશું નથી. તું વિશેષ અભ્યાસ કરવા અમેરિકા જા !'

ઉપરોક્ત બંને પ્રસંગોમાં બંને યુવાનોને શ્રીમોટાએ એકબીજાથી તદ્દન વિરુદ્ધ પ્રકારની સલાહ આપી. અનુભવી મહાપુરુષોની આ જ વિલક્ષણતા છે. કોને માટે શું શ્રેયસ્કર છે એની એ લોકોને જાણ હોય છે. વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે શ્રીમોટા વિવિધ લોકોને વિવિધ પ્રકારનો ઉપદેશ આપતા. એક સંગીતનાં શિક્ષિકાને શ્રી મોટાએ દરરોજ પક્ષીઓને ચણ નાંખવાનો ઉપદેશ આપ્યો હતો. 'મોટાચરણે'ના રચયિતા, શ્રીમોટાના અનન્ય ભક્ત પ્રો. એ. જી. ભટ્ટ સાથેના વાર્તાલાપમાં શ્રીમોટાએ કરેલા શબ્દોની અંગે નોંધ લેવાની રજા લઉં છું. 'દરેક સાધકની પ્રકૃતિને યથાર્થસ્વરૂપે જાણી તદનુસાર માર્ગદર્શન આપવાની આધ્યાત્મિક ક્ષેત્રના સદ્‌ગુરુની શિક્ષણકળા અન્ય સર્વ ક્ષેત્રોના શિક્ષકોની શિક્ષણકળા કરતાં ક્યાંય ચડિયાતી છે.' ❑

॥ હરિઃૐ ॥

**ગયેલા આત્માને...**

હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટીશ્રી ધીમંતભાઈ ઘીવાળાનાં માતૃશ્રી વિમળાબહેન શ્રીવાસ ઘીવાળા તા. ૨૦-૦૪-૨૦૨૩ના રોજ સુરત ખાતે (ઉ. વ. ૮૧) દેહવિલય પામ્યાં છે. પૂજ્ય શ્રીમોટા તેઓશ્રીના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને યશ કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના.

- **સંપાદક**

# (૮) રામનવમી ઉત્સવનો અહેવાલ

ટ્રસ્ટીમંડળ, હરિઃૐ આશ્રમ, સુરત

પૂજ્ય શ્રીમોટાનો ૮૫મો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ 'વાત્સલ્ય ધામ' ગામ કુકેરી, તા. ચીખલી, જિલ્લો નવસારી મુકામે તા. ૨-૪-૨૦૨૩ના રોજ ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો તેનો અહેવાલ અત્રે રજૂ કરીએ છીએ.

ઉત્સવનું સ્થળ 'વાત્સલ્ય ધામ' સુરતથી ૮૦ કિ.મી. દૂર સાપુતારાના રસ્તે જતાં સુરખાઈ પાસેના અંતરિયાળ વિસ્તારમાં આવેલ હતું. એકદમ ગ્રામ્ય વાતાવરણ અને ગામથી દૂર એકાંતમાં આવેલ આ સંકુલમાં અત્યારે કુલ ૭૦૦ બાળકો અભ્યાસ કરે છે. જેમાંથી ૬૦૦ જેટલાં બાળકો તો ત્યાં હોસ્ટેલમાં જ રહીને અભ્યાસ કરી રહ્યાં છે. ૫ વર્ષથી લઈને ૧૭ વર્ષ સુધીની ઉંમરનાં કન્યાઓ તથા કુમારો સુસંસ્કાર સાથે જીવનનું સાચું ભણતર ભણી રહ્યાં છે.

આ સંસ્થાની વિશેષતા એ છે કે એક પણ રૂપિયો ફી લીધા વગર તમામ બાળકોને અતિ સ્નેહ અને સંસ્કાર સાથે ઉછેર કરી ચારિત્ર્ય ઘડતરનું શ્રેષ્ઠ કાર્ય થઈ રહ્યું છે. એડમિશન માટે અનાથ બાળકોને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. દ્વિતીય પસંદગી માતા અથવા પિતા ગુમાવેલ બાળકને અને તૃતીય પસંદગી હોંશિયાર પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેમને આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૫માં માત્ર ૩૨ વિદ્યાર્થીઓ અને બે કાચા માટીના રૂમથી શરૂ થયેલ સંસ્થા અત્યારે વટવૃક્ષ બની રહી છે. સંસ્થાના સ્થાપક પરિમલસિંહે સુરત મૌનમંદિરમાં સંસ્થા માટે જે સંકલ્પો કર્યા હતા તે તમામ પૂર્ણ થયા છે. ધોરણ ૧૦ માં ૧૦૦% પરિણામ મેળવતી આ સંસ્થાએ ગત વર્ષ ૨૦૨૨માં ૧૭ બાળકોને મેડિકલમાં એમ.બી.બી.એસ., બી.એચ.એમ.એસ., બી.એ.એમ.એસ. વગેરે શાખાઓમાં પ્રવેશ અપાવ્યો છે તેમ જ તે બાળકોની ઉચ્ચ અભ્યાસની ફી પણ સંસ્થા દ્વારા ભરવામાં આવે છે. આ ઉપરાંત અનેક બાળકો એન્જિનિયરિંગ, બી.કૉમ, બી.બી.એ., એમ.બી.એ. વગેરે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી કારકિર્દી બનાવી રહ્યા છે. આમ, માત્ર સ્કૂલનું શિક્ષણ જ નહિ પરંતુ બાળક ઉચ્ચ અભ્યાસ કરી સ્વનિર્ભર થાય ત્યાં સુધીનું ધ્યાન સંસ્થા દ્વારા રાખવામાં આવે છે. માતા પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલાં નોંધારા બાળકોને સંપૂર્ણ સહકાર આપીને સમાજની અનોખી રીતે સેવા કરી રહી છે. સમાજને બેઠો કરવા માટે કચડાયેલા દબાયેલા બાળકોને સમાજમાં ગૌરવભર્યું સ્થાન અપાવવાનું પાયાનું કામ ઉત્તમ રીતે થઈ રહ્યું છે. સેવાના ભેખધારી દંપતી પ્રતિભાબેન અને પરિમલસિંહ પરમાર આ ઉમદા કાર્ય માટે ખૂબ જ ધન્યવાદને પાત્ર છે.

સુરત, અમદાવાદ, દિલ્હી, મુંબઈ જેવાં અનેક શહેરો અને ઘણાં અંતરિયાળ ગામડેથી ઉત્સવમાં આવનાર સ્વજનો આગલા દિવસે શનિવાર સાંજના જ ઉત્સવસ્થળે આવી પહોંચ્યા હતાં. સંસ્થાની બાળાઓ 'જય શ્રીકૃષ્ણ હરિઃૐ સર' એમ કહી સૌનું સુમધુર કંઠે અભિવાદન કરતી હતી. સાંજના ૫:૩૦ વાગ્યે લવાછા મંડળ દ્વારા હરિઃૐ ધૂનની રમઝટ ચાલી. ત્યારબાદ

કાર્યક્રમને આગળ વધારતા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ નૃત્યો, ભજનો-પ્રાર્થનાઓ, નાટકો, શ્રીમોટાના જીવનપ્રસંગો વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. જેમાં આદિવાસી વિસ્તારનું પ્રખ્યાત ડાંગી નૃત્ય, સૈનિકોનો ડ્રામા જેવી જીવનભર યાદ રહી જાય તેવી અદ્ભુત કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. પૂજ્ય શ્રીમોટાનું બનારસમાં કાશી વિશ્વનાથ મંદિરમાં ચોરખિસ્સું કાપી ઘરેણાં ચોરી જાય છે અને બીજા દિવસે શોધતો શોધતો આવી ઘરેણાં પરત આપી જાય છે તે પ્રસંગ પણ આબેહૂબ નાટ્યસ્વરૂપે રજૂ કરવામાં આવ્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ ડૉ. મનસુખભાઈ પટેલનો ટુંકાણમાં પરિચય અપાયો હતો. શ્રીમોટા, નંદુભાઈ અને ઝીણાકાકાના માર્ગદર્શનને જીવનમાં વણી લઈ તેમણે કરેલી માતૃસેવા; બાળકોનું સંસ્કારસિંચન વગેરેનો શ્રોતાઓને પરિચય કરાવ્યા બાદ શ્રીમોટા વિષે તેમનો સત્સંગ શરૂ થયો જેમાં તેમણે શ્રીમોટા-રચિત ‘હરિ વહાલો’ ભજનનું નિરૂપણ કર્યું હતું. ત્યારબાદ મત્સર વિશે સમજ આપવામાં આવી હતી. મત્સર એટલે કે ઝીણામાં ઝીણી ઈર્ષા, અસૂયા એટલે કે જે કંઈ સારું થઈ રહ્યું છે. એમાંથી દોષ જોવાની વૃત્તિ. એનું નામ અસૂયા. સાધકે આ બંને શત્રુઓથી સાવધ રહેવું જોઈએ. ત્યારબાદ સૌ સ્વજનો પ્રસાદગ્રહણ કરી ઉતારે આરામ માટે પહોંચ્યા હતા. અંદાજે ૪૦૦ જેટલા ભક્તોને સંપૂર્ણ સુવિધા સાથેનો હોસ્ટેલમાં ઉતારો આપવામાં આવ્યો હતો.

બીજે દિવસે રવિવારે સવારે વહેલી પરોઢે સૌ સ્વજનો દૈનિક ક્રિયાઓથી પરવારીને ૬:૪૫ થી ૭:૩૦ વચ્ચે અલ્પાહાર કરી સભામંડપમાં ઉત્સવ માણવા માટે ગોઠવાઈ ગયા હતા. સાડા સાતથી આઠની વચ્ચે શ્રી ભાવિક પટેલ અને સાથીવૃંદ દ્વારા હરિઃૐ ધૂન ત્યારબાદ આઠથી નવ દરમિયાન મોટાચરણે, આરતી અને નિત્ય પ્રાર્થનાઓનું સમૂહગાન થયું ત્યારપછી અનેકવિધ સંત ભક્તોના ભજનોની રમઝટ ચાલી અને ભજનોની પૂર્ણાહૂતી સમયે સૌ ભક્તો સંગીતના તાલે ભાવવિભોર બની ઝૂમી ઊઠેલા.

અંદાજે ૧૦:૩૦ વાગ્યે એવોર્ડ વિતરણનો કાર્યક્રમ શરૂ થયો. આ વર્ષે મુખ્ય ત્રણ વ્યક્તિઓને એવોર્ડ માટે આમંત્રિત કરવામાં આવેલા હતા.

(૧) આદિવાસી વિસ્તારોમાં સંપૂર્ણ સુવિધા ૩૦૯ શાળાનાં સંકુલો જેમાં છાત્રાલયો, રસોડા ભવન વગેરે સુવિધાઓવાળું શૈક્ષણિક સંકુલ બનાવવાનો સંકલ્પ કરનાર એવા સુરતનાં અગ્રણી હીરાનાં વેપારી શ્રી કેશુભાઈ ગોટીને આમંત્રિત કરી અને તેમને હરિઃૐ આશ્રમ તરફથી રૂપિયા ૫૧,૦૦૦/-નો ચેક અને સ્મૃતિ ચિહ્ન તરીકે પૂજ્ય શ્રીમોટાનો ફોટો પ્રસાદીરૂપે અર્પણ કરવામાં આવેલ હતો. શ્રી કેશુભાઈ ગોટીએ હાલમાં ૨૦૦ જેટલી શાળાનું નિર્માણ કાર્ય પૂરું કર્યું છે અને તે તમામ શાળાઓ લોકાર્પણ પણ કરી દીધી છે અને બાકીની શાળઆઓનું ટૂંક સમયમાં લોકાર્પણ થશે.

(૨) પોરબંદરસ્થિત શ્રીરામ સી સ્વિમિંગ ક્લબ કે જેઓ છેલ્લાં ૨૨ વર્ષથી દરિયાઈ તરણની પ્રવૃત્તિ કરી રહ્યા છે. સંસ્થા તરણ ઈચ્છુકોને વર્ષમાં ૩૬૫ દિવસ નિઃશુલ્ક દરિયામાં તરતાં શીખવે છે. ઉપરાંત દર વર્ષે ૬ વર્ષના બાળકથી માંડીને ૮૫ વર્ષના વયસ્ક સ્પર્ધકો માટે ૧ થી ૧૦ કિ.મી. સુધીના અંતરની

સમુદ્રતરણની હરીફાઈનું આયોજન કરે છે. જેમાં ગત વર્ષે ભારતભરમાંથી કુલ ૯૦૦થી વધુ લોકોએ ભાગ લીધેલ હતો. તમામ મોર્ડન ટૅકનૉલૉજી અને સ્વયંસેવકોની ટીમ દ્વારા આ હરિફાઈ ખૂબ સારી રીતે પાર પાડવામાં આવે છે. આ સંસ્થાને તેના ગુણ અને ભાવની કદર કરતા રૂ. ૫,૫૧,૦૦૦/- નો ચેક અને સ્મૃતિ ચિહ્ન તરીકે પૂજ્ય શ્રીમોટાનો ફોટો એનાયત કરવામાં આવ્યો હતો.

(૩) વર્ષોથી આશ્રમ સાથે સંકળાયેલ પરિવારના યુવા સંગીતકાર શ્રી ભાવિક પટેલ જેમણે વર્ષ ૨૦૦૬માં વાયોલિન વાદનમાં એમ.એસ.યુનિવર્સિટી વડોદરામાંથી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. પૂજ્ય શ્રીમોટાની અનેક પદ્ય કૃતિઓ જેવી કે તુજ ચરણે, મોટા ચરણે, આરતી, મનને, ગંગાચરણે, નર્મદાપદે, સાંઈ સ્તવન, હરિ વહાલો, ભાવ વગેરે અનેક કૃતિઓ ભાવિક પટેલના મધુર કંઠે ઓડિયો રેકર્ડ થઈ છે અને સ્વજનો નિયમિત રીતે તેનો આસ્વાદ માણે છે. ભાવિકભાઈ ઘણાં વર્ષોથી આપણને શ્રીમોટાના ઉત્સવમાં ભજનોનો લ્હાવો આપે છે. ઉપરાંત દર ગુરુવારે શ્રીમોટાનો એક શ્લોક યૂટ્યૂબ મારફતે રજૂ કરે છે. તેમના ગુણ અને ભાવની કદર કરતા આશ્રમ તરફથી તેમને રૂપિયા ૫૧,૦૦૦/- નો ચેક અને સ્મૃતિ ચિહ્ન તરીકે પૂજ્ય શ્રીમોટાનો ફોટો અર્પણ કરવામાં આવ્યો હતો.

એવોર્ડ વિતરણ બાદ ઘણા સમયથી સ્વજનો જેમના માટે આતુર હતાં, તે ઈન્દુકાકાનું પ્રવચન શરૂ થયું હતું. ઈન્દુકાકાએ ખૂબ જ ભાવપૂર્વક પૂજ્ય શ્રીમોટાનો સંદેશ સ્વજનો સમક્ષ વ્યક્ત કર્યો હતો. તેમના પ્રવચનમાં તેમણે વિવિધ પ્રસંગો જેવા કે પી.ટી. પટેલના દીકરાનો એક્સિડન્ટ પ્રસંગ અને ત્યારબાદ તેને પ્રેતયોનિમાંથી માનવયોનિમાં લાવવા માટે પૂજ્ય શ્રીમોટાએ આબુમાં જે યજ્ઞ કરાવ્યો હતો તે પોતે સાક્ષી છે તે પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું હતું. ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ ગંગેશ્વરાનંદ દ્વારા રચિત વેદ પુસ્તિકાઓના વિમોચન વખતે પૂજ્ય શ્રીમોટાએ વેદમંદિરમાં આપેલ પ્રવચનના અંશો દોહરાવ્યા હતા અને કહ્યું હતું કે સમાજની સમગ્રતાને સ્પર્શે તે દાન ખરું. વિજ્ઞાનની શોધખોળ થાય છે તેનો લાભ સમગ્ર માનવજાતિને મળે છે તેથી પૂજ્ય શ્રીમોટાએ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપવા માટે વિક્રમ સારાભાઈના નામથી એવોર્ડ આપવા પીઆરએલ સંસ્થાને ઈ.સ. ૧૯૭૨માં બે લાખ રૂપિયા કોર્પસ ફંડ તરીકે આપ્યાં હતાં. જેના વ્યાજમાંથી વૈજ્ઞાનિકોને એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે નડિયાદ-સુરત બંને આશ્રમોએ ભેગા મળી આ એવોર્ડ માટેની કોર્પસ રકમ પાંચ કરોડ સુધી લઈ જવાનો સંકલ્પ કર્યો હતો. તો સૌ સ્વજનોને જેટલું દાન કરવાની જીગર હોય તેટલું મહત્તમ દાન આ ફંડ માટે આપવાની અપીલ કરી હતી અને એમ પણ કહ્યું હતું કે આના જેવું ઉત્તમ દાન બીજું કોઈ નથી. ત્યારબાદ શ્રીમોટાએ મૃત્યુ પછી જીવાત્માની સ્થિતિ અને પુનર્જન્મનું વિજ્ઞાન સ્પષ્ટ સમજાવ્યું હતું. માનવયોનિમાં જન્મેલ જીવને ફરી ફરીને મનુષ્યનો જન્મ જ મળે છે. શાસ્ત્રોમાં ૮૪ લાખ યોનિની વાત કહી છે તે તદ્દન ખોટી છે. શ્રીમોટા ક્રાંતિકારી સંત હતા તેમણે કહ્યું છે કે યોનિ કદી બદલાતી નથી, માત્ર જેવી વૃત્તિઓ હોય તે પ્રકારનો સ્વભાવ લઈને જીવ જન્મે છે.

ઉપરાંત શ્રીમોટા કહેતાં કે 'આપણા પૂર્વજો વાંદરા નહોતા પણ આપણે ગાયના વંશજ છીએ તે વાત વિજ્ઞાન પુરવાર કરશે ત્યારે લોકો સ્વીકારશે.' પ્રશ્નોત્તરીના માધ્યમ દ્વારા સ્વજનોને સત્સંગનો સારો લાભ મળ્યો હતો.

ઈન્દુકાકાના પ્રવચન બાદ સને ૧૯૭૨માં પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવ' પુસ્તિકાની સંગીતમય પ્રસ્તુતિ ભાવિક પટેલ દ્વારા રજૂ કરવામાં આવી હતી. સ્વજનો તેનો લાભ યુટ્યુબ મારફતે લઈ શકશે.

https://youtube.com/
@PujyaShreeMotaHariOm

ખૂબ જ ભાવભર્યા વાતાવરણમાં ઉત્સવનું સમાપન થયું. ત્યારબાદ સૌ સ્વજનો ભવિષ્યનાં ઉત્સવમાં ફરી ભેગાં મળવાના સંકલ્પ સાથે ખીચડી-કઢી અને શાકનો મહાપ્રસાદ આરોગી છૂટા પડ્યા. હરિઃૐ આશ્રમનો આગામી ઉત્સવ ભાદરવા વદ ચોથ શ્રીમોટાના જન્મદિન નિમિત્તે નરોડા મુકામે યોજાનાર છે.

ઉત્સવ દરમ્યાન પૂજ્યશ્રીની સૂક્ષ્મ હાજરીનો સાક્ષાત્ અનુભવ સૌ સ્વજનોએ અનુભવ્યો હતો. ઉત્સવના અંતે યજમાન શ્રી પરિમલ મનુસિંહ પરમારને પૂજ્ય શ્રીમોટાના ફોટાની સ્મૃતિભેટ આપવામાં આવી હતી અને યજમાન પરિવાર તરફથી સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. હરિઃૐ આશ્રમ-સુરત ટ્રસ્ટી મંડળ ઉત્સવને સફળ બનાવવા માટે મદદરૂપ થયેલ યજમાન પરિવાર, મુખ્ય મહેમાનો, સૌ સ્વજનો, દાતાશ્રીઓ અને આયોજનમાં મદદરૂપ થનાર નામી/અનામી સૌ કોઈનો હૃદયપૂર્વક ખૂબ ખૂભ આભાર માને છે.

ઉત્સવ નિમિત્તે સુરત આશ્રમને મળનાર તમામ દાન પીઆરએલ સંસ્થાને આપેલ કોર્પસ ફંડમાં વધારો કરવાના હેતુથી નડિયાદ આશ્રમને એનાયત કરવામાં આવ્યું હતું.

લિ.
**ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ, સુરત

## નમ્ર નિવેદન

'પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે શક્યતઃ ૧૨૫ કે વિશેષ સ્વજનોનાં પૂજ્ય શ્રીમોટા સાથેના અનુભવો કે ઘટનાઓને એકત્રિત કરી તેનું પ્રકાશન કરવાનું શ્રી હરિઃૐ સત્સંગ મંડળ અમદાવાદ વિચારે છે.'

આ માટે 'હરિભાવ'ના અંકો તેમ જ પ્રકાશિત થયેલ સ્મૃતિગ્રંથોમાંથી સ્વજનોના અનુભવોની વિગતો ઉપલબ્ધ છે. જેની સંપાદિત સંકલન કરવાની પ્રક્રિયા ગતિમાં છે.

'હરિભાવ'ના માધ્યમ દ્વારા આપ સૌને નમ્ર વિનંતી કે આપના જે કાંઈ પૂજ્ય શ્રીમોટા સાથેના અનુભવો/ઘટનાઓ હોય તે લેખિતસ્વરૂપે નીચેના સરનામે શક્ય તેટલી વહેલી તકે મોકલી આપી અમોને આભારી કરશોજી.

સરનામું : **નીતિન બી. રામી,** માનદ્ મંત્રી
૧૯, દિવ્યા બંગલોઝ, શરણમ્ ૭,૮,૯ પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
સંપર્ક સૂત્ર : ૯૮૨૫૦૩૮૧૦૧

નોંધ : આપ આપની વિગતો ઉક્ત ભ્રમણભાષ - મોબાઈલ નંબર પર વૉટ્સએપ પણ કરી શકશો.

# (૯) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણવર્ષ નિમિત્તે : ૭ 'બોલેલું પાળવાવાળો હરિ જેવો બીજો નથી'...

મયૂર જે. જાની

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં વિશાળ સ્વજનસમૂહ આવેલો છે. તે પૈકી કેટલાંક સ્વજનોને એવો અનુભવ થયેલો છે કે પૂજ્ય શ્રીમોટાએ તેમને જે કંઈ વચન આપ્યું હોય તે ચરિતાર્થ થયું હોય. આવા સમૂહમાં મારો પણ સમાવેશ થાય છે. ઘટના તો પાંચ દાયકા પૂર્વેની છે, પણ પૂજ્યશ્રીનું કથન છે કે આવી ઘટનાઓ કોઈકે નોંધી રાખવી જોઈએ. વળી, હાલમાં પૂજ્ય શ્રીમોટાના અવતરણનું ૧૨૫મું વર્ષ ચાલી રહ્યું છે, તે નિમિત્તે 'હરિભાવ'માં કેટલાંક સ્વજનોના અનુભવ પ્રકાશિત થઈ રહ્યા છે જેથી, મને મનોમન ભાવના થઈ કે હું પણ મારા અનુભવને શબ્દબદ્ધ કરું. જેની ટૂંકમાં વિગતો આ પ્રમાણે છે.

(૧)

સને ૧૯૬૪ મારું જન્મવર્ષ છે. તે બાદ જ્યારે મારી ઉંમર બેએક વર્ષની હતી ત્યારે મને ડાબા પગે લકવાનો હુમલો આવ્યો હતો. તે સમયે મારા પિતાશ્રી નડિયાદ પાસેના રામોલ ગામમાં માધ્યમિક શાળાના શિક્ષક હતા. મને તાવ આવ્યો હતો ત્યારે સ્થાનિક ડૉક્ટરે ઈન્જેક્ષન આપેલું. જેની આડઅસરથી આ હુમલો થયો હતો. આણંદના ડૉ. કુકની હૉસ્પિટલમાં મને દાખલ કર્યો હતો. જે તે સમયે જરૂરી સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપતી વખતે ડૉક્ટરનું મંતવ્ય રહેલું કે આ બીમારીની અસર લાંબા કાળ સુધી રહેશે.

મારા મોટા કાકાશ્રી પ્રભુદાસ જાની અમદાવાદ મુકામે ભાડાના મકાનમાં રહેતા હતા. તેવે સમયે પૂજ્ય શ્રીમોટાની પધરામણી તેમના ઘરે થવાની હતી. એ પરિવારને વિચાર સ્ફુર્યો કે ચિ. મયૂર ઉપર પૂજ્ય શ્રીમોટાની નજર પડે તો સારું. એવી ભાવનાથી અમને સૌને રામોલથી અમદાવાદ બોલાવ્યા. તે સમયે હું ઊભો થઈને ચાલી શકતો ન હતો. ગામઠી ભાષામાં કહીએ તો બે હાથ નીચે રાખી ઘૂંટણિયે ચાલતો હતો.

આખરે પૂજ્ય શ્રીમોટાની પધારમણી તેમના ઘરે થઈ અને પૂજ્યશ્રીની 'નજર-કૃપાદષ્ટિ' મારા ઉપર પડી અને તેઓશ્રી બોલ્યા કે 'ભઈ ઊભો થઈને ચાલી શકશે' અને સાથોસાથ પ્રીતમનગરના અખાડામાં પગની કસરતની સારવાર લેવાનું સૂચન પણ કર્યું. એ અખાડાના શ્રી ચંદ્રકાંતભાઈને મારી સારવારની ભલામણ પણ કરેલી. હું અને મારાં માતુશ્રી કાકાને ઘરે રોકાયાં અને પિતાશ્રી રામોલ ગામે સર્વિસ ઉપર ગયા. શનિ-રવિની રજામાં તેઓશ્રી અમદાવાદ આવતા અને અખાડામાં મારી સારવાર દરમ્યાન હાજર રહેતા. આમ, કેટલોક કાળ પસાર થયો.

પૂજ્ય શ્રીમોટાના જન્મદિનનો ઉત્સવ ખેડા જિલ્લામાં ચિખોદ્રા મુકામે હતો ત્યારે મારા પિતાશ્રી ત્યાં ગયા હતા. તે સમયે ગુજરાત સમાચારમાં પોસ્ટ બૉક્સ નંબર સાથેની શિક્ષકની જાહેર ખબર આવેલી. તે જાહેરાત પૂજ્ય શ્રીમોટાએ મારા પિતાશ્રીને વંચાવી અને નોકરી માટે અરજી કરવાનું સૂચવ્યું. સાથોસાથ સલાહ આપી કે અમદાવાદમાં રહેતા તારા મોટા ભાઈ (પ્રભુદાસ જાની)ના ઘરનું સરનામુ આપજે અને તે મુજબ પિતાશ્રીએ અરજી કરી અને ઈન્ટરવ્યૂ પણ આવ્યો. અમદાવાદના ખાડિયા વિસ્તારમાં આવેલી દ્વારકાદાસ પરમાનંદ ગર્લ્સ હાઈસ્કૂલમાં

શિક્ષકની નોકરી મળી. જોકે ઇન્ટરવ્યૂમાં એક પ્રશ્ન પૂછેલો કે અમદાવાદમાં ટ્યૂશન કરવા આવવું છે ? જવાબમાં પિતાશ્રીએ મારા પગની બીમારીની અને પ્રીતમનગરના અખાડામાં ચાલી રહેલી સારવારનું કારણ વ્યક્ત કર્યું હતું. શરૂઆતમાં અમે બધાં મોટા કાકાની સાથે રહ્યાં, પરંતુ પિતાશ્રીએ પૂજ્ય શ્રીમોટાને માનસિક પ્રાર્થના કરી હતી કે પ્રીતમનગરના વિસ્તારમાં અખાડાની નજીકમાં ભાડાનું મકાન મળે તો સારું. એ પણ પૂજ્ય શ્રીમોટાની કૃપાથી શક્ય બન્યું. આ વર્ષ ૧૯૭૦નું હતું.

અખાડાની સારવારની સાથોસાથ વાડીલાલ હૉસ્પિટલમાં ઑપરેશન પણ કરાવ્યાં. ત્યાર બાદ મારા પગ માટે ‘કૅલિપર’ એટલે કે (લોખંડના સળિયાવાળો બુટ) બનાવડાવ્યો હતો. ત્યાર બાદ ધીરે ધીરે પગમાં તે કૅલિપર પહેરીને ચાલતો. દરમ્યાનમાં પૂજ્ય શ્રીમોટાની અમદાવાદ ખાતે પધરામણી થતાં અમે સૌ પગે લાગવા ગયા હતા ત્યારે પણ પૂજ્યશ્રીએ મને જોઈને કહ્યું કે **‘છોકરો બુટ (કૅલિપર) વિના ઊભો થઈને ચાલી શકશે.’** આ વચન પૂજ્યશ્રીએ આપેલું. આ કૅલિપર સાથેનો મારો ઘણો કાળ વીતી ગયો. લગભગ એક થી દસ ધોરણ સુધીનો સ્કૂલનો અભ્યાસ પણ આ કૅલિપર પહેરીને જ પસાર કર્યો. એમાં ઘણી હાડમારીઓ ભોગવી. રસ્તામાં કૅલિપર તૂટી જાય તો ત્યાં જ ઊભા રહેવું પડે. એક ડગલું પણ આગળ વધી ન શકાય, પણ તેવી વેળાએ પૂજ્યશ્રીની સહાય આપોઆપ મળતી. કોઈ અજાણી વ્યક્તિ સાઇકલ ઉપર પસાર થાય અને મને ઘર સુધી મૂકી જાય આવું અનેક વેળા થયેલું.

હવે વાડીલાલ હૉસ્પિટલમાં જે પ્રથમ ઑપરેશન થયું, તે બાદ ચાલવું તો ઘણું જ મુશ્કેલ થઈ પડ્યું. જે કૅલિપર પહેરીને ચાલતો હતો તે તો સંપૂર્ણ બંધ થઈ ગયું. જીવનમાં ફરીથી નિરાશાનાં વાદળો ઘેરાઈ ગયાં હતાં. અને ચાલુ તો હું શી રીતે ચાલું ? મનોમન એમ થતું કે પૂજ્યશ્રીએ તો બુટ વિના ચાલી શકશે એવું કહ્યું હતું અને પછી આમ કેમ ? પછી બંને બગલમાં લાકડાની ઘોડી લઈ થોડોક કાળ ચાલવાનું બન્યું હતું. ધીરે ધીરે ચાલતા ફાવી ગયું. આખું વર્ષ સ્કૂલમાં ગયો ન હતો. ધોરણ દસની બોર્ડની પરીક્ષાનું ફૉર્મ ભરવાનો સમય થઈ ગયો હતો. ત્યારે સ્કૂલમાં જઈને ફૉર્મ ભરતી વખતે સહજ રીતે બોલાઈ ગયું કે આઠમો વિષય ચિત્ર લખી દો. ત્યારે વર્ગશિક્ષક કહે કે તને ચિત્ર દોરતા આવડે છે ? તેં ક્યાં ક્લાસ ભર્યા છે ? મેં કહ્યું હા મને આવડે છે. આમ, હું દસમા ધોરણમાં પૂજ્ય શ્રીમોટાની કૃપાથી જ પાસ થયો.

તે પછી અમદાવાદના ફિઝિયૉથૅરાપિસ્ટ ડૉક્ટર શ્રી દિનકરભાઈ ઉપાધ્યાય જે પોતે પ્રજ્ઞાચક્ષુ હતા. તેમાં પણ નિમિત્ત બન્યા આપણા સ્વજનશ્રી સ્વ. યશવંતભાઈ પટેલ (બાપુ)ની ઘણી મદદ મળી. તેઓ ઘણીવાર સારવારની ફી પણ ભરી દેતા. ડૉ. દિનકરભાઈ ઉપાધ્યાયનું દવાખાનું શાહપુર બહાઈસેન્ટર પાસે આવેલું. હું સ્કૂલથી છૂટીને બે બસો બદલીને તેમને ત્યાં મારા પગની કસરત માટે જતો હતો. કસરતથી પગમાં ઘણો ફરક પડ્યો હતો.

ત્યારબાદ અમદાવાદના જાણીતા ઑર્થોપૅડિક ડૉક્ટર શ્રી મહેન્દ્રભાઈ દેસાઈની મુલાકાતના નિમિત્ત બન્યા સ્વજન શ્રી તપેશભાઈ વાઘેલા અને શ્રી જયંતીભાઈ રાવલ. ડૉ. મહેન્દ્રભાઈ દેસાઈ પાસે બે વખત ઑપરેશનો થયાં. એક

વાડીલાલ હૉસ્પિટલમાં અને એક સરદાર પટેલ સ્ટેડિયમ પાસે તેમના પ્રાઈવેટ ક્લિનિક ખાતે. મારા પગનાં આ બંને ઑપરેશનોના પૈસા ડૉક્ટર સાહેબે લીધા નહિ. એ પ્રભુની જ કૃપા. પગમાં પ્લેટો મૂકી અને કૅલિપર વગર જ્યારે ડૉક્ટર મહેન્દ્રભાઈએ મને બંને આગળી આપી ચલાવ્યો ત્યારે છૂટા હાથે અને વગર ટેકાએ ચાલી શકવાના આનંદને રોકી શક્યો ન હતો અને ભાવવિભોર થઈ જવાયું હતું. આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. મારા પગમાં મૂકેલી પ્લેટો આજે પણ હેમખેમ છે. એ વાતને આજે ૪૩ વર્ષ થઈ ગયાં. એ તો પ્રભુપ્રસાદી જ છે. એમ હું માનું છું. આમ, પૂજ્યશ્રીએ **'ઊભો થઈને ચાલી શકશે'** એવું જે વચન આપેલું તે અમોએ અનુભવ્યું છે, જે માટે પૂજ્યશ્રીના અમો ઘણા આભારી છીએ.

(૨)

પૂજ્ય શ્રીમોટાએ મારી બાલ્યાવસ્થા દરમ્યાન એક અન્ય વચન ઉચ્ચારેલું. તેઓશ્રીએ મારા પિતાશ્રીને કહેલું કે **'આ છોકરાનું ચિત્રકામ સુધરાવજો.'** સ્કૂલના અભ્યાસ દરમ્યાન ચિત્રકામ વિષયની જુદી જુદી પરીક્ષાઓ પણ આપતો ગયો અને ચિત્રકામમાં ઘણો રસ પડવા લાગ્યો. જુદા જુદા તજજ્ઞો પાસેથી પણ માર્ગદર્શન મળતું હતું.

**શ્રીહરિ**ના વચનબળના આધારે હું જુદાં જુદાં ચિત્રો દોર્યા કરતો હતો. ખાસ કરીને પૂજ્ય શ્રીમોટાની જુદી જુદી આકૃતિવાળા ફોટાઓ દોરતો હતો અને સ્વજનોને આપતો હતો. ઉપરાંત, પ્રાકૃતિક દૃશ્યોનાં જુદાં જુદાં ચિત્રો પણ દોરતો હતો. આ રીતે ચિત્રો દોરવાનો મારો અભ્યાસ ચાલુ રહ્યો હતો. દસમા ધોરણમાં જે ચિત્રનો વિષય રાખ્યો હતો તેને આધારે શ્રી સી.નરેનભાઈએ ફાઈન આર્ટ્સનો અભ્યાસ કરવા સૂચન કર્યું હતું અને સ્વજન શ્રી ગિરીશભાઈ મોહનલાલ પંડ્યા (ઍડ્વોકેટ)ની સહાયથી અમદાવાદ ખાતે શેઠ સી.એન.ફાઈન આર્ટ્સની સંસ્થામાં ઍડ્મિશન મળ્યું.

મારા પગના ઑપરેશનના કારણે શરૂઆતમાં શ્રી પંડ્યા સાહેબ મને કૉલેજમાં મૂકવા લેવા થોડોક સમય આવ્યા હતા અને આ કલા સંસ્થામાં કૉમર્શિયલ આર્ટનો પાંચ વર્ષનો કોર્સ પણ પૂજ્યશ્રીની કૃપાથી જ પૂર્ણ થયો. તદુપરાંત, શ્રી ગિરીશભાઈ પંડ્યા તેમના એક પરિચિત અને ખૂબ જાણીતા ચિત્રકાર શ્રી સી.નરેન વ્યાસના સંપર્કમાં પણ નિમિત્ત બન્યા. શ્રી સી.નરેનભાઈ કલા અંગે સમયે સમયે મને માર્ગદર્શન આપતા હતા. જે મારા કલાગુરુ હતા. તેમની હયાતિ દરમ્યાન મેં મારાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજ્યું હતું. આમ, શ્રી પંડ્યા સાહેબનો અવર્ણનીય સહકાર મને મળ્યો હતો. જેનો આ તબક્કે હું ઋણ સ્વીકાર વ્યક્ત કરું છું.

આમ, ચિત્રકામના કારણે મને વ્યાવસાયિક કામકાજ પણ ઘણું મળતું થયું. ઉપરાંત, 'હરિઃૐ આશ્રમ', નડિયાદનાં પ્રકાશનોનાં ટાઇટલ ડિઝાઇન કરતો જેના સાક્ષી તો પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ પણ હતા અને તેવી રીતે 'હરિઃૐ આશ્રમ', સુરતનું કામ પણ કરતો. જે આજદિન સુધી ચાલુ છે. આશ્રમના કામની સાથોસાથ 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદ દ્વારા પ્રકાશિત મૅગેઝિન 'હરિભાવ'ના ટાઇટલ ડિઝાઇનની કામગીરી પણ ભાવથી કરી રહ્યો છું. આજે પણ પૂજ્યશ્રીના અક્ષરદેહ તથા અનેક

**અનુસંધાન પેજ નં. ૨૫ પર**

# (૧૦) આપણું મધ્યબિંદુ

શ્રીમોટા

તમને એક વાતથી ચેતવી દઉં. પછીથી તમારે ફાવે તેમ કરવાનું રાખશો. હું કદી 'આદેશ' કે 'હુકમ' કરતો નથી. સૌને ફાવતા સોદાની વાત છે.

પારકાંએ આપણું થોડું કરેલું ભલું આપણને પર્વત જેવડું લાગવું જોઈએ ને આપણે બીજાનું પર્વત જેવડું કરેલું આપણે મન તદ્દન ક્ષુલ્લક, નજીવું, તણખલા જેવું લાગવું જોઈએ. પારકાંના તો ગુણ જ જોવાયાં કરાય ને આપણો થોડોક દોષ હોય તે આપણને પર્વત જેવડો લાગવો જોઈએ, કે જેથી તે દૂર થઈ શકે.

મનના તરંગોને પિછાનવા એ એકદમ સહેલું નથી. જે વાત મનને કરવી નહિ હોય એનાં હજાર બહાનાં એ ઊભાં કરશે, ને બુદ્ધિથી દલીલો તો એ એટલી સુંદર શોધી કાઢી બતાવશે કે એ ઝટ દઈને ગળે ઊતરી જાય. જરા જાગૃતિ રાખીને તપાસવાનું આપણે રાખીએ તો એના ખેલ ખબર પડે.

આપણે આપણા આગ્રહો-મતમતાંતરો ને આપણા વિચારોના ખ્યાલો-જે મનમાં ઘર કરી બેઠેલા છે, તે છોડવા જ પડશે. સગાંવહાલાં છોડવાં સહેલાં છે, પણ આ છોડવું અઘરું છે.

આપણે તો આપણું જ જે ફોડવું હોય તે ફોડી લેવું. બીજાના દૃષ્ટિબિંદુથી જે કોઈ પોતાનાં કામો કરે છે, બીજાના ગજે જે પોતાને માપવા અને મપાવા ઇચ્છે છે, એનામાં જાહેર હિંમત અને સાહસ કેળવાઈ શકાવાનાં જ નથી. **આપણે આપણો પોતાનો આશ્રમ બનવાનું છે.** આપણું દૃષ્ટિબિંદુ આપણા પોતામાં હોવું ઘટે.

તમારી માની લીધેલી માન્યતાઓ મુજબનું કંઈ નથી થતું એ જોતાં તમને અન્યથાભાવ થાય છે-એ શા માટે ? જો તમને તેવી તમન્ના હોય તો તમે પોતે તે પ્રમાણે જીવી બતાવીને સંતોષ માનો. બીજા તેમ જીવે કે ના જીવે એમાં આપણને શું કામ ખૂંચવું જોઈએ ?

ગળ્યું ખાવામાં સંકોચ શા માટે ? ગળ્યા ખાવા પાછળની ભાવના તમારી જીભને સ્વાદ લગાડવાની હોય તો તો તમારે સંકોચ લગાડવાની જરૂર ખરી જ. પણ હેતુ વિના એમ ને એમ ગળ્યું ખાવાનો સંકોચ શા માટે ? એટલા માટે જ મારું તમને કહેવું છે કે મનના બાંધી દીધેલા ખ્યાલો આપણે છોડી દેવા જ પડશે, નહિતર મનના નિર્ણયોમાં અનેક પ્રકારના વિકારો હોય છે.

તમને મિત્રો, સગાં વગેરે સાથેની વાતો દરમિયાન અંદરથી જપ કેવો ચાલે છે તેની પરીક્ષા લેવાનું મન થાય તો તેમ જરૂર કરજો. જ્યાં ત્યાં કરીને પ્રેમથી ભાવથી એને દૃઢ કરવામાં લાગી જજો. જે કાંઈ કરો તે સર્વ પ્રકારે વિચારીને કરવાનું રાખશો. આપણી દૃષ્ટિ આપણામાં રાખવાની છે.

**આપણું મધ્યબિંદુ દુનિયામાં નથી, પણ આપણામાં છે.** બીજાં શું કરે છે એની કશી પરવા કે વિચાર સરખો પણ ન કરવાની ટેવ પાડો. તે જ આપણે માટે સારું છે.

'જીવનપગરણ', બી. આ., પૃ. ૮૩ ❑

# (૧૧) હજી ચમત્કારનો જમાનો ચાલી ગયો નથી

શ્રીમોટા

*(‘જીવનપોકાર’ની પ્રથમ આવૃત્તિમાં જે ઘટનાઓ અંગે **‘એક સાધુ મહાત્મા’** એ પ્રકારે જ્યાં ઉલ્લેખ છે તે મહાત્મા કોઈ નહિ પણ પૂજ્ય શ્રીમોટા (‘આ જીવ’) હતો તેનો સ્પષ્ટ ઉલ્લેખ ‘જીવનપોકાર’ની બીજી આવૃત્તિના પ્રકાશનમાં થયો છે. ‘હવે જીવનના છેલ્લા આરે છું, ત્યારે મારે તો શ્રીપ્રભુકૃપાથી છતાં થવું એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.’ એમ શ્રીમોટાએ લેખકના બે બોલમાં લખ્યું છે. **નોંધ :** આ લખાણમાં ભાઈ એટલે પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી સદ્‌ગત શ્રી નંદુભાઈ, બહેન એટલે શ્રી નંદુભાઈનાં પત્ની સદ્‌ગત શ્રીમતી કાંતાબહેન, મોટી બા એટલે શ્રી નંદુભાઈનાં બા, સદ્‌ગત જેઠીબા અને સિદ્ધાર્થ એટલે-નંદુભાઈનો પુત્ર. સ્વજનો આ વિગતથી વાકેફ છે. છતાં જેઓને જાણ ન હોય તેમના પૂરતી આટલી સ્પષ્ટતા કરી છે. -**સંપાદક**)*

(૧)

એક સાધુપુરુષના આશ્રમમાં મહેમાન આવવાના હોવાથી એક બહેનને રસોઈ કરવાનું તેમણે કહ્યું. વૈષ્ણવ આચારવિચારને કારણે તેની શરીરની સ્થિતિ રસોઈ કરવાને યોગ્ય ન હતી, પરંતુ પ્રભુકૃપાથી તરત તેની શરીરની સ્થિતિ પહેલાંના જેવી યથાવત્ સંપૂર્ણ શુદ્ધ થઈ ગઈ. જો હૃદયમાં પ્રેમભક્તિ પ્રકટી હોય છે, તો અદ્‌ભુત, આશ્ચર્ય પમાડે એવા પ્રસંગમાં શ્રીભગવાનનો સૂક્ષ્મ કૃપાહાથ પ્રત્યક્ષ તે જોઈ શકે છે.

(૨)

હિમાલયની યાત્રામાં શ્રીબદરીનાથનાં દર્શને જવાનું હતું ને...બહેન તો માસિકમાં હતાં. વૈષ્ણવ આચારવિચારવાળાં મોટીબા સાથે હતાં. હવે દર્શને કેમ કરીને જવાય ? આટલે સુધી આવ્યાં અને દર્શન ન કરી શકાય તે પણ ઠીક લાગતું ન હતું.

શ્રીભગવાને કૃપા કરી અને... બહેનની એવી દશા ટાળી દીધેલી અને દર્શન કરી શકેલી.

(૩)

અમે બધાં હિમાલયની જાત્રાએ જતાં હતાં.... બહેન હંમેશાં મારી સાથે વહેલી સવારે પગપાળા મુસાફરીમાં નીકળી પડતી. રસ્તામાં સાથે એક મહાત્મા હતા. કેટકેટલી વાર માથે વરસાદ પડતો હોય ને તે મહાત્મા, મોટેથી આપણાથી સાંભળી શકાય એવી રીતે ને એવા સાદે, અમે સ્થળે પહોંચીએ ત્યાં સુધી વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતા હતા. કાનોકાન પ્રત્યક્ષ સાંભળેલી હકીકત છે. આશરે છ-સાત વાર તો આવું બનેલું. મહાત્માની પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો.

(૪)

એ જ મહાત્મા અમારી સાથે યાત્રામાં હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં....બહેનને શરીરમાં ચૂંક આવતી હશે. શેકની ઘણી જરૂર હતી.

અમારી સાથે રસોઇયો હતો. સળગી શકે એવાં લાકડાં એકઠાં કર્યાં. તેની કને દીવાસળી હતી. તે બધી તેણે પેટાવી જોઈ-બધી જ ખલાસ થઈ ગઈ. પરંતુ દેવતા ન સળગ્યો તે ન જ સળગ્યો.

તે મહાત્મા મોંથી ધમણની પેઠે મંડ્યા ફૂંકવા. ઘણી વાર સુધી એમ તેમણે ફૂંક્યા જ કર્યું, ને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો. આને ચમત્કાર કહેવો કે શું કહેવું ?

આવી બાબતના કંઈ એક બે બનાવ નથી. એવા બનાવની હારમાળા છે. એમ હોવા છતાં તેનાથી ચેતવાપણું કોણ કરી શકે છે ?

(૫)

તે જ સાધુપુરુષ અમારી સાથે હિમાલયમાં હતા. જે સ્થળે અમારે પહોંચવાનું હતું તે સ્થળ હજી અઢી માઇલ દૂર હશે. થોડો થોડો વરસાદ પડ્યા કરતો હતો. પડતા વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું. માથે પડતો વરસાદ અનુભવી રહેલાં છીએ, ને તે સ્થળે અમે પહોંચ્યાં ત્યાં સુધી વરસાદ પડ્યા જ કરતો હતો તેમ છતાં તે સ્થળે અમે પહોંચ્યાં ત્યારે અમારાં કપડાં કોરાં હતાં ! અમે કંઈ માથે છત્રી જેવું ઓઢ્યું ન હતું.

આ હકીકત હવે જ્યારે આ કાગળો છપાવવાનું બનશે, ત્યારે છપાવા દેવાનો છું. એટલે બીજા જીવોને પણ સમજણ પડે કે **હજી ચમત્કારનો જમાનો ચાલી ગયો નથી.** જેને જેને ખાતરી કરી લેવી હોય તે તેમને મળીને તેમ કરી લઈ શકે છે, પણ એની એક શરત રાખવાનો છું. નકામા નકામા કોઈ આવીને પૂછ્યા ન કરે તે કાજે એવી શરત. આ હકીકત મેળવવાને કાજે છે કે જે કોઈ આપણાં પ્રકટ કરેલાં પુસ્તકોના બે સેટ વેચાતા લે, તેને જ તે હકીકતની માહિતી મળી શકે.

(૬)

હજી અમારી સાથે તે સાધુપુરુષ હિમાલયમાં હતા. એકવાર પૂજ્ય મોટીબાની પાલખી ગબડેલી. તે પોતે પણ (જોકે તે તો પાલખીના સ્થળેથી ઘણે દૂર દૂર આગળ હતા) ગબડ્યા ને બોલ્યા કે, 'આજે તો બાની પાલખી પડી, ને બા ને બધાં બચી ગયાં.' તે મહાત્માએ પોતાના પર તેવું લઈ ન લીધું હોત તો કદાચ વધારે મોટો અકસ્માત થયો હોત. આ પ્રસંગના પણ અમે સાક્ષીઓ છીએ.

(૭)

એકવાર હિમાલયમાં રસ્તે ચઢતાં ચઢતાં.... બહેનને ભારે થાક લાગ્યો. ને તે તરસ તો એવી કે કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. એક ઠેકાણે ભેખડની છેક નીચે ઊંડે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું ઘણું કઠણ ને જોખમકારક હતું.

તે સાધુપુરુષે તો શ્રીભગવાનની તે વેળા અંતઃકરણથી પ્રાર્થના કરી. અંતે, પોતે પાણી લેવા કાજે નીચે ઊતરવાની તૈયારી કરી. જેવાં પોતે ડગલાં ભરવા માંડતા હતા, ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ પાસે જ પાણી લઈને ઊભેલો દેખાયો ને....બહેનને પાણી આપ્યું. તે બહેને પેટ ભરીને પાણી પીધું, પોતે તૃષાથી તૃપ્ત થઈને પાછું વળીને જુએ છે, તો તે છોકરો દેખાયો જ નહિ.

રસ્તો સીધો-દૂર સુધી જતાં પણ દેખી શકાય એવો હતો. નીચે ખીણમાં ઊતરે કરે તો તે પણ જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું, પણ પાણી પ્રભુકૃપાથી મળ્યું તે હકીકત કંઈ જેવી તેવી હકીકત નથી.

આવું બધું લખવાનું કારણ તો એ છે કે હજી પણ આવા લોકો પડેલા છે. આ કાળમાં આવી હકીકતોનું સાચાપણું લોક માનતા નથી. તો તે વિશે શ્રીપ્રભુકૃપાથી જો કોઈક જીવને લાગવાપણું બની શકે તો તેમ બની શકે, એવા સમજણપૂર્વકના હેતુથી આવી બધી હકીકત લખી છે, ને છપાવા પણ દીધી છે.

(૮)

હિમાલયની યાત્રાએ અમે નીકળ્યાં ત્યારે હરદ્વારમાં ભાઈ સિદ્ધાર્થના શરીરને ઘણા ઝાડા થયા. ત્યાં દાક્તરને બતાવેલું ને દવા પણ લીધેલી. તે અમદાવાદ હતો ત્યારથી દવા શરૂ કરેલી. પણ દવાથી ઝાડા કંઈ મટતા ન હતા. તેવે સમયે આપોઆપ એમ ઉચ્ચારાયું કે 'આવતી કાલે તો આપણી હિમાલયની પગપાળા યાત્રા શરૂ થવાની ને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ ! તેનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત.' ત્યારે ભાઈએ કહ્યું કે 'ત્યારે એને સાજો કરી દોને ?'

કોણ જાણે શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે. તે જ વખતથી તેના શરીરને સારું થયું, પરંતુ તેની જે પીડા હતી અને રોગ હતો તે તો કોક ભોગવતું હતું.

ઉપર જણાવેલા સાધુ પુરુષ અમારી સાથે હતા. રસ્તામાં તેને ઘણી વાર ઝાડા થાય. વારે ઘડીયે લેંઘો છોડવો ન પડે એટલા માટે તે લેંઘાની સિલાઈ એવી રીતે કરાવેલી કે પાછળથી બટન છોડી દે એટલે તે ભાગ ખુલ્લો થઈ જાય. એમ કેટલીયે વાર તેમનું દિશાએ જવાનું થતું, અને તેઓને તે કામથી પરવારતાં બિલકુલ વાર લાગતી નહિ. તેથી...બહેનને વહેમ ગયો કે કદાચ આ ખાલી ખાલી તો ન હોય ! પણ તે બોલેલાં નહિ, મનમાં ને મનમાં એવી વૃત્તિ તેમને થયેલી. તેથી તેમણે તે બહેનને બોલાવીને તેમનો મળ બતાવ્યો. આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને ન હતી અને હિમાલયમાં તેમનાથી ચઢવાનું નિરાંતે બની શકતું.

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે તે પોતે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે.

**પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી.** જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી. કોઈક જીવ પ્રાર્થના કરે છે તો તે પણ કેવી લૂલી લૂલી !

'જીવનપોકાર', બી. આ., પૃ. ૨ અને ૬૪ ❑

# (૧૨) મન કે ચિત્ત સ્થિર થવું એ સત્કર્મનું અંતિમ ફળ છે

શ્રીઉપાસની બાબા

કોઈ પણ પરમેશ્વરી કૃત્ય કરતા હોઈએ ત્યારે અથવા નિષ્કામ બુદ્ધિથી એકાદા અનુષ્ઠાન માટે બેઠેલા હોઈએ ત્યારે મન અહીં તહીં ભટકતું હોય છે. ઘણાંનું મન સ્થિર થતું નથી અને જે સત્કર્મ કરતા હોઈએ તેમાં લક્ષ લાગતું નથી. ઘણાંનું કહેવું હોય છે કે આવા સત્કર્મથી શું ફળ મળે ? હું તેનો ઉત્તર આપું છું તે સાંભળો.

**દેવનું સત્કર્મ કરતી વેળાએ મન ભટકતું હોય તો ભટકવા દેવું તેમાં નુકસાન નથી.** જેટલું તે ભટકે, તેમાં સત્કર્મ કરનારાને લાભ જ છે. સત્કર્મ કરતા હોઈએ ત્યારે મન ઠેકાણે હોય તેવો અનુભવ થાય છે અને મન સારાંનરસાં ઠેકાણે ભટકતું હોય એવો પણ અનુભવ થાય છે. પરંતુ સત્કર્મને બંધ ન કરતાં તે ચાલુ જ રાખીએ તો આપણું મન તો સ્થિર થશે જ પણ સાથોસાથ સત્કર્મ દરમિયાન મન જ્યાં જ્યાં જતું હશે તેને પણ તેનો લાભ મળશે. મનનો સ્વભાવ એવો છે કે, તે એક કામ શરીર દ્વારા કરતું હોય ત્યારે બીજાં પણ અનેક માનસિક કામ તે જ સમયે તે કરે છે.

અનુષ્ઠાન કે સત્કર્મ કરવાનો ઉપયોગ શો હોય છે ? તો અસત્ જે હોય તે શુદ્ધ સત્‌માં લાવવાનો અથવા કેટલુંયે અપવિત્ર હોય તોપણ તેને પવિત્ર કરવાનો ગુણ તેમાં હોય છે.

મને એકાદિ ક્રિયા ચાલુ કરી દીધા પછી તે મન ક્યાંય પણ ભટકવા લાગે, તો પહેલાં જે ક્રિયા તેણે ચાલુ કરી હતી તે બંધ પડે છે એવું નથી. દા.ત., એકાદો મનુષ્ય સાકુરીથી કોપરગામ જવા નીકળ્યો. તેના પગ તે ક્રિયા માટે ગતિમાન થયા. હવે કોપરગામ જવા માટે પગની ગતિ ચાલુ હોય ત્યારે, તેના મનમાં બીજા વિચાર શરૂ થઈ જાય છે. જેવા કે ‘કોપરગામ જાઉં તો છું તો પેલો ફલાણો ફલાણો માણસ મળશે કે નહિ ? જો તે મળશે તો કામ પતશે કે નહિ ? વગેરે વગેરે અનેક વિચાર શરૂ થઈ જાય છે. **મન અનેક ઠેકાણે ભટકે છે પણ પગની ગતિ બંધ પડતી નથી.** એટલે મન ભટકે છતાં સત્કર્મ ચાલુ રાખીએ તો અંતે મન સ્થિર થાય છે અને મન જ્યાં જ્યાં ભટકતું હતું તેને પણ સ્થિર, શાંત, સ્વચ્છ અને પવિત્ર બનાવે છે.

હું અમરાવતીમાં હતો ત્યાં એક વેશ્યા હતી. તેના ઘરે અનેક સારાંનરસાં લોકો આવવાનાં જ અને ક્યારેક પણ તે બીમાર પડવાની જ. તે પ્રમાણે એકવાર તે બીમાર પડી ત્યારે તેને ત્યાં જનારા પણ મારા ઓળખીતા એક સંભવિત ગૃહસ્થ તે બાઈની દવા કરવાના ઉદ્દેશથી મને તેને ત્યાં લઈ ગયા હતા.

મેં તે બાઈને કહ્યું કે તમારી પાસે પુષ્કળ લોકો આવે છે, તેમાં કોઈનો કેવો પાપસંગ્રહ તમને બાધક થાય છે અને તેના કારણે તમને આ વ્યાધિ થયો છે. એટલે ઔષધોપચાર તો કરવો જ અને પથ્ય પણ પાળવું. ઉપરાંત, કાંઈક સત્કરણી કરવાની પણ જરૂર છે. તેથી જો તમે કોઈ ઈશ્વરી નિયમ પાળવા તૈયાર હો તો હું તમને કહું ને ઉપચાર પણ કરું.

વ્યાધિગ્રસ્ત હોવાથી તેણે હું જણાવું તે પ્રમાણે કરવાનું કબૂલ કર્યું, તેથી તેને મેં સોમવારે વ્રત, મૌન અને બ્રહ્મચર્ય એકનિષ્ઠાથી પૂજા અને દેવની આરાધના કરવા કહ્યું. તે બધું તે કરવા લાગી. ઈશ્વર ઇચ્છાથી કેટલાક દિવસ પછી તે સારી પણ થઈ ગઈ પણ સત્કર્મ કરવાનો જે પાઠ તેને શીખવી દીધો હતો તે પ્રમાણે આગળ પણ ચાલુ જ રાખ્યો.

પ્રસંગોપાત્ત અનેકવાર મારે તેને મળવાનું થતું ત્યારે તેનું પહેલાં કરતાં વધુ લક્ષ પરમેશ્વર તરફ લાગ્યું છે એ જોઈને મને સારું લાગ્યું. તે પોતાની કેટલીક વાતો મને કહેતી. તેણે કહ્યું કે, 'હું કોઈ સત્કર્મ, ધ્યાન કરવા બેસું છું ત્યારે મારે ત્યાં આવનારા જે લોકો હોય છે તેમની પાસે જ મારું મન ભટકયા કરે છે એ ઉપરથી મેં કહ્યું, કે **'મન જાય તો ભલે ને જાય, પણ તું માત્ર પરમેશ્વરી સત્કર્મ કરવાનો નિયમ છોડતી નહિ.'** તેણે કહ્યું સત્કર્મ કરતી વખતે ફલાણાએ મારા પૈસા આપ્યા નહિ, ફલાણાનો સ્વભાવ જ ખરાબ છે વગેરે તેઓનાં સ્વભાવ અને ખરાબ આચરણ જ વચ્ચે આવે છે.' મેં કહ્યું, 'તારું ધ્યાન તેના તરફ જતું હોય તો જવા દે, પણ તારું સત્કર્મ માત્ર તું બંધ કરીશ નહિ, તે ચાલુ જ રહેવા દે. તે તારા ઉપયોગમાં આવશે અને તે પુણ્યનો ઉપયોગ જેની જેની પાસે તારું મન જતું હશે તેને પણ થશે.'

એ બાઈ પાસે આવનારા પણ જુદા જુદા સ્વભાવના હોવાથી તેમાંથી કોઈ કોઈ બાઈની મશ્કરી પણ કરતા, પણ સત્કર્મ કરતી વખતે બાઈ મૌન ધારણ કરતી હોવાથી તે કોઈની સાથે બોલતી નહિ. કેટલાક તેને સારી પણ કહેતા હતા. આવી સ્થિતિમાં કેટલાક દિવસો ગયા પછી આવનારા-જનારા લોકો પૈકી કેટલાકને લાગવા માંડ્યું કે આ બાઈ આટલી દેવભજનમાં લાગેલી છે અને આપણે તેની પાસે ખરાબ બુદ્ધિથી જઈએ અને તેને પાપમાં નાંખીએ એ કાંઈ સારું નહિ. એટલે પહેલાંનો પુષ્કળ સહવાસ હોવાથી ખાલી આવવા-જવાનું માત્ર રાખ્યું. આગળ જતાં તે લોકો પણ તે બાઈની જેમ નિયમ પાળવા લાગ્યા. બાઈ રાતે ભજન આરતી કરતી હોય ત્યારે આવા લોકો ઊભા રહી તાળી પાડીને આરતી કરવા લાગ્યા.

આવી રીતે ઘણાંખરાં લોકો તેની સંગતિથી સન્માર્ગે લાગ્યા. એટલે તેમની તેમની સ્ત્રીઓને જે અડચણ, દુઃખ વગેરે થતું હતું તે પણ બધું દૂર થયું અને પોતાની સ્ત્રીઓ સાથે સારી રીતે વર્તવા લાગ્યા. કેટલાક સમય પછી એ બાઈના ઘેર જવું એટલે દેવભજનમાં જવું એવું થઈ ગયું.

આવી રીતે સત્કર્મો કરતી વેળાએ જ્યાં જ્યાં મન જશે ત્યાં ત્યાં તે સત્કર્મોનું પરિણામ થઈ તે ઠેકાણાં પવિત્ર જ થતા જશે. સત્કર્મ કરતી વખતે મન-ચિત્ત સ્થિર થવાની તો જરૂર જ નથી. **ચિત્ત સ્થિર થવું એ તો સત્કર્મનું અંતિમ ફળ છે.** તમારાથી સત્ક્રિયા તો થતી નથી અને તે પહેલાં તેનું ફળ માત્ર માંગો છો તે કેમ મળે ?

આ કોઈ કલ્પનાની વાત નથી. મારા અનુભવનો કિસ્સો છે.

'શ્રીઉપાસની વાક્સુધા-ભાગ-૪', બીજી આ., પૃ. ૧૨૧ ❑

# (૧૩) સદ્‌વિચાર અને તેનું પરિણામ

**સ્વામી કૃપાલ્વાનંદ**

*(યોગાચાર્ય સ્વામી કૃપાલ્વાનંદના ગ્રંથ **'આસન અને મુદ્રા'માં** ઔષધોપચાર અને નિસર્ગોપચાર અંગે વ્યક્ત કરેલા વિચારોમાં નિસર્ગોપચારના જે પાંચ પગથિયાં જણાવ્યાં છે, તેમાં પાંચમા પગથિયાં તરીકે 'સદ્‌વિચાર' જણાવેલ છે. અન્ય ચાર પગથિયાં તરીકે ક્રમમાં (૧) બ્રહ્મચર્ય (૨) આસન અને મુદ્રા (૩) પ્રાણાયામ અને (૪) ઉપવાસનો ઉલ્લેખ છે. -સં.)*

આપણે જળમાં જેવો રંગ ભેળવીએ છીએ તેવા રંગનું જળ બને છે, તે જ રીતે આપણા મનમાં જેવા વિચારો સંગ્રહીએ છીએ તેવા આચારો જન્મે છે.

જે વિચારો દ્વારા સ્વકલ્યાણ અને પરકલ્યાણ કરી શકાય છે, તે વિચારોને સદ્‌વિચારો કહેવામાં આવે છે.

સદ્‌વિચારોથી મનમાં શાંતિ, સાહસ, ધૈર્ય, ઉત્સાહ, જ્ઞાન, સામર્થ્ય, આત્મસંતોષ, નિર્ભયતા, ઉદારતા ઈત્યાદિ અનેક દૈવી ગુણો વિકાસ પામતા રહે છે. આ વિચારો અતિ પ્રબલ બને છે ત્યારે એની પ્રેરણાથી જે આચારો જન્મે છે તેને સદાચાર કહેવામાં આવે છે.

સભામાં મૂકેલો દીપક સભામાં બેઠેલા અનેક મનુષ્યોને પ્રકાશ આપે છે, તે જ રીતે સદાચારી સ્ત્રી-પુરુષ જે સમાજમાં હોય છે તે સમાજને સદાચારની પ્રેરણા આપે છે.

**મન મુસાફરખાના જેવું છે, એમાં અસંખ્ય વિચારો આવે-જાય છે.** પ્રત્યેક વિચાર નિર્બલ અવસ્થામાં હોય છે ત્યારે આચાર જન્માવી શકતો નથી. આ કારણે અસંખ્ય વિચારો નષ્ટ પણ થઈ જાય છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર ઈત્યાદિના વિચારોથી મન મલિન થતું રહે છે. એ મલિનતાનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ દુરાચારનું પ્રમાણ વધતું જાય છે.

તંતુવાદ્યના તારોને વધુ પડતા તાણવાથી તૂટી જાય છે, તે રીતે કુવિચારોમાં વધારે ડૂબેલા રહેવાથી મુખમુદ્રા કઠોર થઈ જાય છે. લાવણ્ય-ભર્યા મનોહર મુખને પણ કુવિચાર સંપૂર્ણ કદરૂપું બનાવી દે છે. કુવિચારો જ અણગમતી વાણીને ઉત્પન્ન કરે છે. વારેવારે ક્રોધ કરવાથી અને વારેવારે અણગમતી વાણી ઉચ્ચારવાથી મનુષ્ય સર્વને અપ્રિય થઈ પડે છે. **કુવિચારોમાં વિષ અને સુવિચારોમાં અમૃત છે.** કુવિચારવાળી વ્યક્તિ સ્વયં દુઃખી થાય છે અને બીજાઓને પણ દુઃખી કરે છે. સુવિચારોવાળી વ્યક્તિ સ્વયં સુખી થાય છે અને બીજાઓને પણ સુખી કરે છે.

**કુવિચાર રોગનું બીજ છે. સુવિચાર આરોગ્યનું બીજ છે.** કુવિચારોનું અધિક સેવન કરવાથી શરીરમાં અસંખ્ય રોગો ઘર કરે છે અને સુવિચાર શરીરસ્થ સમસ્ત રોગોનો નાશ કરે છે.

નિરુત્સાહ અને નિરાશાને મનમાં અધિક ટકવા દેવાં જોઈએ નહિ અને કુવિચારોને અધિક સમીપ આવવા દેવા જોઈએ નહિ. નકારાત્મક વિચારો વ્યક્તિના વિકાસનો માર્ગ રોકીને ઊભા રહે છે. પ્રત્યેક આવેશયુક્ત વિચાર સમગ્ર શરીરમાં વ્યાપી જાય છે.

વિચારનું સ્થાન ભલે કેવળ મસ્તિષ્ક છે, પરંતુ તેની સત્તા શરીરના અણુ-અણુ પર સ્થપાઈ જાય છે.

સુવિચારોની સહાયથી કુવિચારોનો પ્રતિકાર અત્યંત સરળતાપૂર્વક કરી શકાય છે. આનુવંશિક રોગો અને માનસિક દોષોનો પણ પ્રતિકાર થઈ શકે છે, કારણ કે વિચારોની પ્રબલતાથી જ ક્રિયાઓ જન્મે છે. વિચારોનું સ્વામિત્વ શરીરના અણુઅણુ પર સ્થપાયેલું રહે છે. આ દૃષ્ટિએ તો કોઈપણ વિચાર, મનોવૃત્તિ કે માન્યતા હાનિકારક જણાય તો તેનો પ્રતિકાર, વિરોધી પક્ષ નિર્માણ કરી શકાય.

સૂર્ય તેજસ્વી છે એટલે તેનાં કિરણો પણ તેજસ્વી છે. પરમેશ્વર સમર્થ છે એટલે તેનો અંશ જીવ પણ સમર્થ છે. સદ્‌વિચાર, શુભ-મનોવૃત્તિ અને શુભ માન્યતા ઉત્પન્ન કરી આપણે અસત્યમાંથી સત્યમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, દુઃખમાંથી સુખમાં અને અશાંતિમાંથી શાંતિમાં જઈ શકીએ છીએ.

કોઈપણ પ્રકારની અપૂર્ણતા, વ્યાધિ કે નિર્બળતા અપ્રાકૃતિક છે. પૂર્ણતા, આરોગ્ય કે સબલતા પ્રાકૃતિક છે. સુવાસ આખા વાતાવરણને સુવાસિત બનાવી દે છે, તેમ સદ્‌વિચાર સમગ્ર શરીરને સૌંદર્યમય બનાવી દે છે.

પ્રબલ બનેલા સદ્‌વિચારમાં સત્ત્વગુણ પ્રવાહિત થાય છે, તેથી શરીરમાં નવા અણુઓ ઉત્પન્ન થાય છે. વ્યક્તિ વૃદ્ધમાંથી યુવાન બને છે. પ્રબલ બનેલા કુવિચારમાં તમોગુણ પ્રવાહિત થાય છે, તેથી શરીરના અણુઓ ક્ષીણ થતા જાય છે. આ કારણે વ્યક્તિ યુવાનમાંથી વૃદ્ધ બને છે.

'આસન અને મુદ્રા', પ્ર. આ., પૃ. ૫૧૧ ❑

**અનુસંધાન પેજ નં. ૧૭ નું ચાલુ**

પ્રકારની છબી સાથે સતત રહેવાનો હું ઘણો આનંદ લઈ રહ્યો છું. પૂજ્ય શ્રીમોટાનું ઋણ તો હું કેવી રીતે ચૂકવી શકું ! **'ए तो सर्वत्र विद्यमान અને સર્વ સમર્થ છે.'** દર વર્ષે હું મૌનમંદિરમાં બેસું છું અને હૃદયપોકાર પાડ્યા કરું છું.

હાલમાં શેઠ સી. એન. ફાઈન આર્ટ્સની કલા સંસ્થામાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહ્યો છું, જે પૂજ્યશ્રીની કૃપા જ ગણાય. આમ, પૂજ્ય શ્રીમોટાનું ચિત્રકામ અંગેનું બીજું કથન પણ તેઓશ્રીની કૃપાથી જ ફલિત થયું છે. ઉપરની વિગતો ખૂબ ટૂંકાણથી અને પૂજ્ય શ્રીમોટાને સન્મુખ રાખી તેમના ગુણગાન ગાવાની ભાવનાથી આટલું આલેખ્યું છે, જે અહીંયા આપ્યું છે. સર્વને પૂર્ણ સદ્‌ભાવ સાથે ભાવભર્યા હરિઃૐ અને પૂજ્ય શ્રીમોટાનાં ચરણોમાં વંદન સાથે :

(અનુષ્ટુપ)

'**एनुं** વચન આપેલું કદી મિથ્યા જતું નથી,
બોલેલું પાળવાવાળો **हरि** જેવો બીજો નથી.'

'ભાવરેણુ', ત્રી.આ., પૃ. ૧૦ **શ્રીમોટા**

(ગઝલ)

'પ્રભુનું નામ લીધા તે સતત કરજો હૃદયમાંહે,
પ્રભુ સારું બધું કરશે હૃદય વિશ્વાસ ધરજો તે.'

'જીવનપાથેય', ચો.આ., પૃ. ૧૫૮ **શ્રીમોટા**

(અનુષ્ટુપ)

'જે તે કર્મ થતાં તે તે **તારા** વડે થતાં જ છે,
**તને** સમર્થ જાણીને છેડો **તારો** ગ્રહેલ છે.'

'ભાવહર્ષા', ત્રી.આ., પૃ. ૭૦ **શ્રીમોટા**

(અનુષ્ટુપ)

'શરણ તુજ આવેલો નરાતાર ગરીબ જે,
તેને તું કેવું આપે છે જ્યારે જોઈતું સર્વ તે.'

'શ્રદ્ધા', પ્ર.આ., પૃ. ૫૪ **શ્રીમોટા** ❑

| ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન/ભેટ | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **સર્વેશ્રી નામ** | **ગામ** | **રકમ રૂ.** |
| ૧. | જયંતીલાલ ડાહ્યાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ ‘હરિભાવ’ જ્ઞાનદાન ભેટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૨. | એક સ્વજન | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૩. | અંજનાબહેન આર. દેસાઈ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૪. | કુંતલ મારફતિયા | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૫. | નામ મળેલ નથી | - | ૩,૦૦૦/- |
| ૬. | ચંદ્રિકાબહેન | સુરત | ૧,૫૦૦/- |
| ૭. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૮. | ભાર્ગવ દર્પેન્દ્ર પંડ્યા (નવા ગૃહ પ્રવેશ નિમિત્તે) | સુરત | ૧,૦૦૧/- |
| ૯. | પ્રો. હંસરાજ ટી. કાશીપરા (સ્વ. પુત્ર શ્રી મિલાપભાઈની પુણ્યતિથિ તા. ૧-૫-૨૩ નિમિત્તે) | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૧૧. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૨. | હિતેષકુમાર ગોમાનભાઈ પરમાર | સાયણ સુરત | ૫૦૦/- |
| ૧૩. | શરદભાઈ કાંતિલાલ ડૉક્ટર | સુરત | ૫૦૦/- |
| ૧૪. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૨૫૧/- |
| ૧૫. | નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાળા | સુરત | ૧૫૦/- |
| ૧૬. | રંજનબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

**ગયેલા આત્માને...**


(૧) હાલ કેનેડાનિવાસી શ્રી પરસોત્તમભાઈ ચૌહાણના (ઉ.વ. ૮૨, નિવૃત્ત એરફોર્સ અને જીઈબી) નાના ભાઈ ગોવિંદભાઈ નારણદાસ ચૌહાણ તા. ૨૦-૩-૨૩ને સોમવારે શ્રીજીશરણ પામ્યા છે.

(૨) નરોડાનિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી કનૈયાલાલ રામચંદ્ર પટેલ ઉ.વ. ૮૬ તા. ૨૨-૩-૨૩ના રોજ શ્રીમોટાશરણ પામ્યા છે.

(૩) ગજરાબહેન ઠાકોર (નરોડા) કે જેમણે વર્ષો સુધી નામસ્મરણ મંદિરમાં સેવાકાર્ય કરેલ છે તેઓ તા. ૨૫-૩-૨૩ના રોજ મોટાશરણ પામેલ છે.

(૪) અમદાવાદ-મણિનગરના નિવાસી શ્રી જયંતીભાઈ વલ્લભભાઈ સરવૈયા તા. ૬-૪-૨૦૨૩ના રોજ શ્રીમોટાશરણ પામેલ છે. તેઓશ્રી ૧૯૯૨થી પૂજ્ય શ્રીમોટાપ્રેરિત નામસ્મરણ અને ઉત્સવોમાં ભાગ લેતા હતા.

ઉપરોક્ત સર્વને પૂજ્ય શ્રીમોટા યશકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના. **- સંપાદક**



સ્વામી શ્રીયુક્તેશ્વરગિરિ
( શ્રીયોગાનંદજીના ગુરુ)



(પરમહંસ શ્રીયોગાનંદજી)

બાહ્ય ઈચ્છાઓ આપણને અંદરના દિવ્ય ધામમાંથી બહાર ખેંચી લાવે છે. તેઓ મિથ્યા પ્રલોભનો સામે ધરે છે, જે આત્માના સુખનો માત્ર આભાસ છે.
ખોવાયેલું પરમ ધામ દિવ્ય ધ્યાનમાંથી જલદી પાછું મેળવી શકાય છે.
ઈશ્વર એ અનપેક્ષિત અનંત નવીનતાપૂર્ણ હોવાથી તેનાથી આપણને કદી કંટાળો આવતો નથી.

- સ્વામી શ્રીયુક્તેશ્વરગિરિ


*'પરમહંસ યોગાનંદ', પ્ર. આ., પૃ. ૧૯૨*

**HARIBHAV, MAY, 2023**
" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023

॥ હરિ:ૐ ॥

બુદ્ધિ જો હોય તૈં સ્હેજ
એને વાપરવી પડે
આગ્રહો કરવા પાર એને ના જોઈએ ઘટે ॥
વિચાર કરવો હોય પણ રૈડું ન પાનો
પણ રોપાતું જો ભાર જાણું દિલ ગાભરે ॥

મોટા



Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007